ટીકાર્થ—ભાવથી જે અપ્રદેશો છે, તે કાલથી બે પ્રકારે પણ છે. એટલે અપ્રદેશો તેમજ સપ્રદેશો પણ છે. તેમાં એક સમય સ્થિતિવાળા અપ્રદેશો છે. બે આદિ સમય સ્થિતિવાળા તો એક આદિ એક ઉત્તરવડે કરી યાવત્ અસંખ્યાત સમય સ્થિતિવાળા સ્કંધો તે બધા સપ્રદેશો છે. આ અભિપ્રાય જાણવો. તેમજ ભાવથી બે ગુણથી માંડી અનંતગુણ પર્યંતના સ્કંધો એવ એટલે બે પ્રકારે છે. કાલથી સપ્રદેશ તેમજ અપ્રદેશ છે. (૫)

कालापएसयाणं, एवं इक्किक्कओ हवइ रासी।
इक्किक्के गुणठाणंमि एगगुणकालयाईसु ॥ ६ ॥

તેથી કરીને—

મૂલાર્થ—એક ગુણ કાલકત્વાદિ એક એક ગુણ નકને વિષે કાલ અપ્રદેશોની ઉપર મુજબ એક રાશી થાય છે. (૬)

एकगुणकालकद्विगुणकालकादिषु गुणस्थानकेषु मध्ये कस्मिन् गुणस्थानके कालाप्रदेशानामेकैकराशिर्भवति। अयमर्थ एकगुणकालकादय एकाद्येकोत्तरया गुणवृद्ध्याऽनन्तगुणान्ताः प्रतिगुणस्थानमनन्ताः पुद्गलाः सन्ति। एवमेकगुणनीलादयोऽपि लभ्यन्त इति। ... एव कालाप्रदेशराशयो भवन्तीति ॥ ६ ॥

ટીકાર્થ—એક ગુણકાલક, બે ગુણકાલકાદિ ગુણસ્થાનકોને વિષે એક એક ગુણસ્થાનકમાં કાલ અપ્રદેશોની એક એક રાશી થાય છે. આનો આ અર્થ છે. એક ગુણકાલત્વાદિ-એક આદિ એક ઉત્તર ગુણવૃદ્ધિથી અનંતગુણ કાલક પર્યંત દરેક ગુણસ્થાનને પ્રત્યે અનંતા પુદ્ગલો છે. એ મુજબ એક ગુણ નીલાદિ પણ મળે છે. તત્ ગુણસ્થાનકરાશી અનંત હોવાથી કાલ અપ્રદેશરાશીઓ અનંતી થાય છે. (૬)

अथ प्रेरकः—

आहाणंतगुणत्तणमेवं कालापएसयाणंति ।
जमणंतगुणट्ठाणेसु हुंति रासी वि हु अणंता ॥ ७ ॥

અહીં વાદી શંકા કરે છે.

મૂળાર્થ—આ પ્રમાણે કાલ અપ્રદેશો અનંતગુણા થવા
જોએ. કારણકે અનંતગુણ સ્થાનોને વિષે રાશી પણ
નંતી થાય. (૭)

एवमिति यदि प्रतिगुणस्थानकं कालाप्रदेशराशयोऽभिधी-
न्ते, ततो भावाप्रदेशेभ्यः कालाप्रदेशा अनन्तगुणाः प्राप्नुवन्ति।
तोऽनन्तेष्वेकगुणकालकद्विगुणकालकत्रिगुणकालकादिष्वनन्तगु-
णकालकपर्यवसानेषु गुणस्थानकेषु राशयोऽप्यनन्ता भवन्ति, अथ
चाऽसंख्यातगुणत्वमिष्यत इति ॥ ७ ॥

टीकार्थ—એ પ્રમાણે જો દરેક ગુણસ્થાનકે કાલ અપ્રદેશ
રાશી કહેશો તો ભાવ અપ્રદેશ કરતા કાલઅપ્રદેશો અનંતગુણા થશે.
કારણકે એક ગુણકાલક, બે ગુણકાલક, ત્રણ ગુણકાલકાદિ અનંત ગુણ-
કાલક પર્યંત અનંત ગુણસ્થાનકોને વિષે પણ અનંત રાશીઓ થાય
છે. છતાં તમો કાલ અપ્રદેશો અસંખ્યાતગુણા કહો છો. (૭)

अत्रोत्तरम्—

भण्णइ एगगुणाणवि, अणंतभागंमि जं अणंतगुणा
तेणासंखगुणच्चिय, हवंति नाणंतगुणिअत्तं ॥ ८ ॥

અહીં શાસ્ત્રકાર ઉત્તર આપે છે.

મૂળાર્થ—જે કારણથી અનંતગુણ કાલકરાશી એ
ગુણ કાલકાદિ રાશીના કરતાં પણ અનંતમા ભાગે
ને કારણથી કાલ અપ્રદેશો અસંખ્યાતગુણા છે. અન
ગુણા નથી. (૮)

प्रकारो ज्ञेयः । अयमभिप्रायः—ये परमाणवः परस्परमसंयुक्तास्ते द्रव्यतोऽप्रदेशा उच्यन्त इति ॥ ९ ॥

ટીકાર્થ—એ પ્રમાણે પ્રથમ વર્ણ, ગંધાદિ ભાવપરિણામ કે જેનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. એક આદિ અનંતગુણ સ્થાનક તિં ભાવપરિણામને આશ્રિ કાલથકી અપ્રદેશ પુદ્ગલો, સ્વરૂપ કથન કરીને બતાવ્યા. દ્રવ્યની અંદર દ્રવ્ય પરિણામને આશ્રિ પરમાણ્વાદિકને વિષે ભાવપરિણામમાં કહેલ પ્રકાર કાલથી અપ્રદેશરૂપ જાણવો. આનું રહસ્ય આ છે કે પરસ્પર નહિ મળેલા એવા જે દ્રવ્યથી અપ્રદેશ પરમાણુઓ છે, તે તથા બીજા જે પુદ્ગલ સ્કંધો છે તે એક સમય સ્થિતિવાળા હોય તો તે કાળથી અપ્રદેશ જાણવા. (૯)

अथ क्षेत्राप्रदेशस्वरूपमाह—

एमेव होइ खित्ते, एगपएसावगाहणाईसु ।
ठाणंतरसंकंतिं, पडुच्च कालेण मग्गणया ॥ १० ॥

હવે ક્ષેત્ર અપેક્ષાથી કાલ અપ્રદેશ બતાવે છે.

મૂળાર્થ—દ્રવ્યની માફક ક્ષેત્રમાં જાણવું. આકાશના એક પ્રદેશમાં અવગાહીને રહેલ જે પુદ્ગલસ્કંધો આ સ્કંધોનું અન્ય સ્થાનકમાં જવું, આને આશ્રિ કાલથી અપ્રદેશો જાણવા. (૧૦)

एवमेव द्रव्यपरिणामवद्भवति, क्षेत्रे क्षेत्रमधिकृत्य एकप्रदेशावगाहादिषु पुद्गलभेदेषु स्थानान्तरगमनं प्रतीत्य कालेन कालाप्रदेशानां मार्गणा । अयमभिप्रायः—यथा द्रव्यपरिणाममाश्रित्य परमाणवो द्रव्यतोऽप्रदेशास्तथैकैकनभःप्रदेशावगाहिनां मन्यां

[illegible]

शावगाहिनो भूत्वा समयमेकं स्थित्वा पुद्गलस्कन्धा बहुतरनभः
शावगाहिनो भवन्ति, समयमेकं यावत्तिष्ठन्ते; यदा च बहुतरनभः
देशावगाहिनो भूत्वा समयमेकं स्थित्वा पुनरल्पनभःप्रदेशावगाहिनो
भवन्ति, तदा संकोचे विकोचेऽपि सति पुद्गलस्कन्धाः कालतोऽप्र-
देशाः स्युः । तथा सूक्ष्मबादरस्थिरास्थिरशब्दमनःकर्मादिपरिण
च प्रतीत्य कालतोऽप्रदेशाः स्युः । अयमभिप्रायः—ये सूक्ष्मबा
दरादिपरिणाममापन्नाः पुद्गलस्कन्धा यदा समयमेकमवतिष्ठन्ते
तदा ते कालतोऽप्रदेशाः स्युः ॥ ११ ॥

ટીકાર્થ–અવગાહનાના સંકોચ તથા વિકોચને આશ્રિ કાલથી
અપ્રદેશો થાય છે. આનુ આ રહસ્ય છે કે, જે પુદ્ગલસ્કંધો પ્ર
માણ સંખ્યાની અપેક્ષાએ અલ્પ આકાશપ્રદેશને અવગાહી એક
સમય રહી, ફરી ઘણા આકાશપ્રદેશને અવગાહે છે અને એક
સમય રહે છે. જ્યારે ઘણા જ આકાશપ્રદેશને અવગાહી એક સમય
રહી ફરી અલ્પ આકાશપ્રદેશ અવગાહી પુદ્ગલસ્કંધો થાય છે. ત્યારે
સંકોચ, વિકોચ થયે છતે પુદ્ગલસ્કંધો કાલથી અપ્રદેશો છે. તેમજ
સૂક્ષ્મ, બાદર, સ્થિર, અસ્થિર, શબ્દપરિણામ, મનપરિણામ અને
કર્માદિ પરિણામને આશ્રિ કાલથકી અપ્રદેશો થાય છે. અભિપ્રાય આ
છે કે જે સૂક્ષ્મ તથા બાદરાદિ પરિણામને પામેલા પુદ્ગલસ્કંધો
જ્યારે એક સમય સ્થિતિકાલ રહે છે ત્યારે તે પુદ્ગલ સ્કંધો કાલ
થકી અપ્રદેશો છે. (૧૧)

ततश्च—

एवं जो सव्वोऽवि अ, परिणामो पुग्गलाण इह समय
तं तं पडुच्च एसिं, कालेणं अप्पएसत्तं ॥ १२ ॥

વ્યા —

મૂલાર્થ— એ પ્રમાણે જૈનશાસનમાં સમગ્ર પુદ્ગલોના

તે તે પરિણામને આશ્રિ કાલથકી અપ્રદેશો બતાવ્યા છે. (૧૨)

एवं उक्तप्रकारेण यः सर्वोऽपि च परिणामः पर्यायान्तरेण भवनं पुद्गलानामिति परमाणूनां स्कन्धानां चेहेति जैनप्रवचने वर्णितः; तं तं परिणाममाश्रित्य 'एसिं' इति पुद्गलानामेकसमयस्थितिकानां कालेनाप्रदेशत्वं ज्ञेयमिति ॥ १२ ॥

ટીકાર્થ—પ્રથમ કહેલ પ્રકારવડે સમગ્ર પરિણામ એટલે પર્યાંતરને પામવું. પરમાણુઓનુ તથા પુદ્ગલસ્કંધોનું જે જૈનશાસનમાં વર્ણન કરેલ છે તે તે પરિણામને આશ્રિ એક સમય સ્થિતિવાળા પુદ્ગલોનું કાલથકી અપ્રદેશપણું જાણવું. (૧૨)

तथा च सति किं सिद्धम् ? इत्यत आह—

कालेण अप्पएसा, एवं भावापएसएहिं तो ।
हुंति असंखिज्जगुणा, सिद्धा परिणामवाहुल्ला॥१३॥

આથી શું સિદ્ધ થયુ ? તે જ બતાવે છે.

મૂળાર્થ—એ પ્રમાણે ભાવ અપ્રદેશ કરતાં કાલ અપ્રદેશો અસંખ્યાત ગુણા સિદ્ધ થયા. પરિણામના બહુપણાથી. (૧૩)

ये भावतोऽप्रदेशा एकगुणकालकादयः, ये च द्विगुणकालकादयोऽनन्तगुणकालकान्तादीन यावद्भावतः सप्रदेशास्ते सर्वे कालत एकसमयस्थितिका अप्रदेशाः । 'एवं' इति अनेन व्याख्यानेन भावाप्रदेशेभ्यः कालाप्रदेशा एकगुणकालकद्विगुणकाल-

कादीनां परिणामानन्त्यात्पुद्गला असंख्यातगुणाः सिद्धा भ-
न्तीति ॥ १३ ॥

ટીકાર્થ—જે પુદ્‌ગલસ્કંધો એક ગુણ કાળકાદિ ભાવ
અપ્રદેશો છે, તેમજ જે પુદ્‌ગલો બે ગુણ કાલકાદિ અનંતગુણ કા-
લકાદિ પર્યંત સુધી ભાવથી અપ્રદેશો છે. તે બધા કાલ થકી એ
સમય સ્થિતિવાળા કાલ અપ્રદેશો છે. આ વ્યાખ્યાન વડે ભાવ અપ્ર-
દેશોથી કાલ અપ્રદેશો એક ગુણ કાલક બે ગુણ કાલકાદિઓનું પરિ-
ણામ અનંતુ હોવાથી પુદ્‌ગલો અસંખ્યાત ગુણ સિદ્ધ થાય છે. (૧૩)

इत्तो दव्वाएसेण अप्पएसा हवंतऽसंखगुणा ।
के पुण ते परमाणू, कह ते बहुअत्ति तं मुणसु ॥१४

મૂલાર્થ—કાલ અપ્રદેશ કરતાં દ્રવ્ય અપ્રદેશો અસં-
ખ્યાત ગુણા છે. તે શું છે ? ઉત્તર-પરમાણુઓ છે. કે
ઘણા કેમ છે ? ઉત્તર-સાંભળ (૧૪)

इतोऽनन्तरोक्तेभ्यः कालाप्रदेशेभ्यो द्रव्यतोऽप्रदेशा असं-
ख्यातगुणा भवन्ति । के पुनस्ते ? इत्याह-परमाणवः । कथं
बहवः ? तदुच्यते ॥ १४ ॥

ટીકાર્થ—હમણાં કહેલ કાળ અપ્રદેશ કરતાં દ્રવ્ય અપ્રદે
અસંખ્યાત ગુણા છે. તે શું છે ? ઉત્તર, તે પરમાણુઓ છે. કેમ
ઘણા છે ? તેજ બતાવે છે. (૧૪)

अणु-संखिज्जपएसिअ-असंखऽणंतप्पएसिआ चेव
चउरो चिअ रासी पुग्गलाण लोए अणंताणं ॥१

મૂલાર્થ—પરમાણુઓની એક રાશિ ૧, સંખ્યા

तत्थाणंतेहिंतो, सुत्तेणं तप्पएसिएहिंतो ।
जेण पएसट्टाए, भणिआ अणवो अणंतगुणा ॥१३॥

મૂલાર્થ—આ ચાર રાશિમાં અનંતપ્રદેશી સ્કંધોની જે રાશિ છે. તે રાશિ તેના પ્રદેશની અપેક્ષા કરતાં પણ છુટા પરમાણુઓની જે રાશિ છે તે પ્રદેશની અપેક્ષાએ અનંતગુણી સૂત્રમાં કહેલ છે. (૧૩)

'तत्थ' इति तेषु चतुर्षु राशिषु यद्यप्यनन्तप्रदेशिकाः स्कन्धा अनन्ताः सन्ति, तथापि तेभ्योऽनन्तप्रदेशिकस्कन्धेभ्यः प्रदेशार्थतया परमाणवोऽनन्तगुणाः सूत्रे उक्ताः । सूत्रं चेदम्—"सव्वथोवा अणंतपएसिआ खंधा दव्वट्टयाए, ते चेव पएसट्टयाए अणंतगुणा । परमाणुपुग्गला दव्वट्ठपएसट्टयाए अणंतगुणा । संखिज्जपएसिआ खंधा दव्वट्टयाए संखिज्जगुणा, ते चेव पएसट्टयाए संखिज्जगुणा । असंखिज्जपएसिआ खंधा दव्वट्टआए असंखिज्ज-गुणा, ते चेव पएसट्टयाए असंखेज्जगुणत्ति ॥ १६ ॥

ટીકાર્થ—પૂર્વે કહેલ ચાર રાશિમાં જોકે અનંતપ્રદેશી સ્કંધો અનંતા છે, તોપણ તે અનંતપ્રદેશિક સ્કંધોથી પ્રદેશોની અપેક્ષાએ પરમાણુઓ સૂત્રને વિષે અનંતગુણા કહ્યા છે. સૂત્ર આ છે. સર્વથી થોડા અનંતપ્રદેશિક સ્કંધો દ્રવ્યની અપેક્ષાએ છે. આજ સ્કંધો પ્રદેશની અપેક્ષાએ પોતાથી અનંતગુણા છે. પરમાણુ પુદ્ગલો, દ્રવ્ય તેમજ પ્રદેશની અપેક્ષાએ તેના કરતાં અનંતગુણા છે. સંખ્યાત પ્રદેશવાળા સ્કંધો દ્રવ્યની અપેક્ષાએ તેના કરતાં સંખ્યાતગુણા છે આજ સ્કંધો પ્રદેશની અપેક્ષાએ પોતાથી સંખ્યાતગુણા છે. અસંખ્યા

१ 'प्रा' इति क्वचित् । एवमग्रेऽपि । २ 'असंखिज्ज' इति क्वचित् ।

ત પ્રદેશવાળા સ્કંધો તેના કરતા દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા
છે. આજ સ્કંધો પ્રદેશની અપેક્ષાએ પોતાથી અસંખ્યાતગુણા છે. (૧)

संखिज्जयमे भागे, संखिज्जपएसिआण वट्टंति ।
नवरमसंखिज्जपएसिआण भागे असंखयमे ॥१७॥

મૂલાર્થ—પરમાણુઓ સંખ્યાતા પ્રદેશવાળા સ્કંધોના સંખ્યાતમે ભાગે છે. તેમજ અસંખ્યાત પ્રદેશવાળા સ્કંધોના અસંખ્યાતમે ભાગે છે. (૧૭)

संख्याताः प्रदेशाः परमाणवो येषां स्कन्धानां ते तथा, तेषां संख्येयतमे भागे वर्त्तन्ते परमाणव इति । असंख्याताः प्रदेशाः परमाणवो येषां ते तथा, तेषां त्वासंख्येयतमे भागे वर्त्तन्ते, परमाणव इति, उक्तसूत्रप्रामाण्यात् । अयमाशयः—यथा किल कल्पनया शतस्य संख्येयतमो भागो विंशतिः, शतस्यैवासंख्येयतमो दश, शतस्यैवानन्ततमो भागः पञ्च । एवमिहानया दिशा द्व्यणुकादिस्कन्धेभ्यः प्रभृति संख्याताणुकस्कन्धान् यावद् यः संख्याताणुकस्कन्धराशिस्तदपेक्षया परमाणवः संख्येयतमे भागे वर्त्तन्त इति । असंख्याताणुकस्कन्धराश्यपेक्षया त्वसंख्येयभाग इति । परमार्थतस्तु परमाणूनामप्यनन्तत्वं वस्त्वत इति ॥ १७ ॥

ટીકાર્થ—સંખ્યાતા પ્રદેશો એટલે પરમાણુઓ છે જે સ્કંધોને તે સંખ્યાતા સ્કંધો કહીએ. આ સ્કંધોના સંખ્યાતમે ભાગે પરમાણુઓ છે. અસંખ્યાતા પ્રદેશો એટલે પરમાણુઓ છે. જે સ્કંધોને તે અસંખ્યાત સ્કંધો કહીએ આ સ્કંધોના અસંખ્યાતમે ભાગે પરમાણુઓ વત છે કહેલ સૂત્રના પ્રમાણથી આનો ભાવાર્થ આ છે.

[illegible]

કલ્પનાતકે એની સંખ્યા છે. આ સંખ્યાતો સંખ્યાતમો ભાગ ચીશ ભાગ છે. એનો અસંખ્યાતમો ભાગ ૧૦ હોય તો તે તે અનંતમો ભાગ પ પાંચ ભાગ છે. આ રીતે પ્રમાણે તે પરમાણુ સ્કંધોથી માંડી સંખ્યાતા પરમાણુઓના સ્કંધ પર્યંત જે અનંત પરમાણુઓની સ્કંધ રાશિ છે; આ રાશિની અપેક્ષાએ પરમાણુ સંખ્યાતમે ભાગે વર્તે છે. અસંખ્યાત પરમાણુ સ્કંધરાશિની અપેક્ષાએ પરમાણુઓ અસંખ્યાતમે ભાગે વર્તે છે. આમ એમ છતા પણ પરમાણુથી પરમાણુઓને અનન્તપણું કહેલ છે. (૧૭)

अथ परमाणूनां बहुत्वं कथयन्नाह—

सइवि असंखिज्जपएसिआण नेमिं असंखभागत्ते।
बाहुल्लं साहिज्जइ, फुडमवरेहिँ रासीहिँ ॥ १८॥

હવે પરમાણુઓનું બહુપણું બતાવે છે.

મૂલાર્થ—અસંખ્યાત પ્રદેશવાળા સ્કંધોની અપેક્ષાએ પરમાણુઓ જો કે અસંખ્યાતમે ભાગે છે તો પણ પરમાણુઓ ઘણા છે. પ્રગટ બીજી રાશિઓ કરતા. (૧૮)

सत्यप्यसंख्यातप्रदेशिकेभ्यः स्कन्धेभ्यः 'नेमिं' इति परमाणूनामसंख्येयभागत्वे । बहुत्वं कथ्यते, निश्चितमेव शेषराशिभ्यां संख्यातप्रदेशिकानन्तप्रदेशिकाभिधानाभ्यामिति । अयमभिप्रायः—संख्यातप्रदेशिकराशेरपेक्षया सूत्रे संख्यातभागवृत्तित्वं परमाणूनामुक्तं ततोऽवसीयते तेषां बहुत्वम् । अन्यथा संख्यातप्रदेशिकराशेरपेक्षयाऽसंख्येयभागेऽनन्तभागे वा ते परमाणवोऽभविष्यन्निति ॥ १८ ॥

ટીકાર્થ—અસંખ્યાત પ્રદેશવાળા સ્કંધો કરતા જો કે પરમાણુઓ અસંખ્યાતમે ભાગે છે, છતા પણ પરમાણુઓ ઘણા છે.

१ कालाऽप्रदेशापेक्षया ॥

संख्यातप्रदेशिकस्कन्धराशेस्तु संख्यातभागे वर्तन्ते;
स च विवक्षया पूर्वोक्तयुक्त्या च नात्यन्तमल्पोऽस्तीति।
सप्रदेशेष्वप्रदेशेषु च वृत्तिमतामणूनां बहुत्वात् कालाप्रदेशा

तगुणा द्रव्याप्रदेशा इति ॥ १९ ॥

ટીકાર્થ—અસંખ્યાત પ્રદેશિ સ્કંધવાળા નામની જે
છે. આ એક રાશિના જ અસંખ્યાતમે ભાગે પરમાણુઓ વર્તે
બાકીની સંખ્યાત પ્રદેશિક અનંતપ્રદેશિક રાશિની અપેક્ષાએ
આનો આ અર્થ છે. અનંતપ્રદેશિક સ્કંધરાશિ કરતાં
અનંતગુણા છે. સંખ્યાતપ્રદેશિક સ્કંધરાશિ કરતાં સંખ્યાત
છે. સંખ્યાત ભાગને મધ્યમ સંખ્યાત લક્ષણસ્થાનની વિ
પ્રથમ કહેલ માફક અત્યંત અલ્પપણું નથી. આ કારણથી
સપ્રદેશ તેમજ અપ્રદેશોને વિષે વર્તનાર પરમાણુઓ ઘણા છે.
અપ્રદેશો સમય માત્ર કાલ અવસ્થાયિ હોવાથી અત્યંત અ
આના કરતાં દ્રવ્ય અપ્રદેશો અસંખ્યાત ગુણા છે. (૧૯)

इत्तो असंखगुणिआ, हवंति खित्तापएसिआ स
जं ते ता सव्वे च्चिअ, अपएसा खित्तओ अणवो।

મૂલાર્થ—દ્રવ્ય અપ્રદેશ કરતાં ક્ષેત્ર અપ્રદેશો અસંખ્ય
ગુણા શાસ્ત્રમાં કહ્યા છે. જે કારણથી પરમાણુનો તેમ
બીજા સર્વે બે પ્રદેશિકાદિ સ્કંધો ક્ષેત્રથી અપ્રદેશ છે. (૨૦)

इतो द्रव्याप्रदेशेभ्यः क्षेत्राप्रदेशिका असंख्यातगुणा भवन्ति।
यस्मात्ते एव परमाणवः 'मा' इति वाक्यालंकारे स च कर्मोऽन्यत्र।
अल्पप्रमाणमार्गाकाशप्रदेशादिद्रव्यापेक्षया एकैकनभःप्रदेशावगाहि

[illegible]

अनया दिशा पञ्चाणुकषडणुकादयोऽनन्ताणुकान्ताः एक-
कनभःप्रदेशावगाहिनोऽपि लभ्यन्त इति । तथा च प्रदेशा-
दीनामनन्ताणुकान्तानां क्षेत्रतोऽप्रदेशानां प्रतिस्कन्धं ...
स्थानमेकैक एव गणिरिति ॥ २१ ॥

ટીકાર્થ—પ્રદેશ શબ્દ પરમાણુનો વાચક અહીં છે. એક આદિ એક ઉત્તર પરમાણુ પ્રદેશથી વૃદ્ધિ પામતા એવા દ્વેશાદિ સ્કંધોના સ્થાનોને વિષે ક્ષેત્ર અપ્રદેશોની એક એક મળે છે. આનો આ અર્થ છે. બે પરમાણુઓવાળા સ્કંધો ... રિણામથી કેટલાક આકાશના બે બે પ્રદેશમાં અવગાહે છે. કે... લાક તો સૂક્ષ્મ પરિણામથી એક એક આકાશ પ્રદેશમાં અવગાહે છે. આ મુજબ કેટલાક ત્રણ પરમાણુઓવાળા સ્કંધો ... પરિણામથી આકાશના ત્રણ ત્રણ પ્રદેશને અવગાહે છે. ... લાક બાદર સૂક્ષ્મ પરિણામથી બે બે આકાશપ્રદેશને અવગાહે... કેટલાક સૂક્ષ્મ પરિણામથી એકએક આકાશપ્રદેશને અવગાહે છે. મુજબ ચાર પરમાણુવાળા સ્કંધો કેટલાક ચાર ચાર આકાશપ્રદે... અવગાહે છે. કેટલાક ત્રણ ત્રણ આકાશપ્રદેશને અવગાહે છે. કે... બે બે આકાશપ્રદેશને અવગાહે છે, અને કેટલાક એક એક આ... શપ્રદેશને અવગાહે છે. આ મુજબ પાંચ પરમાણુ છ પરમાણુ યાવ... અનંત પરમાણુ પર્યંતના સ્કંધો એક એક આકાશપ્રદેશને અવગા... રહેવાવાળા પણ મળી આવે છે. આ ઉપરથી આ નિર્ણય થયો કે... પરમાણુથી માંડી અનંતપ્રદેશવાળા સ્કંધો કે જેઓ એક એક પ્રદે... પરમાણુથી વૃદ્ધિ પામેલ છે, ને દરેકમાં ક્ષેત્ર અપ્રદેશની એક એક ... મળી આવે છે. આથી કરીને દ્રવ્ય અપ્રદેશો કરતા ક્ષેત્ર અપ્રદેશો અ... સંખ્યાતગુણા છે આ મુજબ ક્ષેત્રાદિ અપ્રદેશના અલ્પબહુત્વની વાત પૂર્ણ થાય છે (૨૧)

अथ क्षेत्रतः सप्रदेशानामसंख्यगुणतामाह—

इत्तो खित्तापएसेण चेव सपएसया असंखगुणा।
एगपएसोगाढे, मोत्तुं सेसावगाहणया ॥ २२ ॥

હવે ક્ષેત્ર અપ્રદેશ કરતાં ક્ષેત્ર સપ્રદેશો અસંખ્યાતગુણા છે. તે ાત બતાવે છે.

મૂળાર્થ—ક્ષેત્રઅપ્રદેશો કરતાં ક્ષેત્રસપ્રદેશો અસંખ્યાતગુણા છે. આકાશના એક એક પ્રદેશને અવગાહેલ સ્કંધો છોડી બાકી બધી અવગાહના ક્ષેત્ર સપ્રદેશોની જાણવી. (૨૨)

एभ्यः क्षेत्राप्रदेशेभ्यः सकाशात् क्षेत्रतः सप्रदेशा असंख्यातगुणाः । यतः एकैकप्रदेशावगाढान् स्कन्धान्मुक्त्वा 'सेसावगाहणया' इति द्व्यादिनभःप्रदेशावगाहिनः स्कन्धाः सर्वेऽपीह गृह्यन्त इति। अयमर्थः—द्व्यणुकस्कन्धानां क्षेत्रावगाहनापेक्षया द्वौ राशी। एक एकैकनभःप्रदेशावगाढानां स्कन्धानां, द्वितीयस्तु द्विद्विनभःप्रदेशावगाढानां स्कन्धानाम् । तथा त्र्यणुकस्कन्धानां क्षेत्रावगाहनापेक्षया त्रयो राशयः । एक एकैकनभःप्रदेशावगाढानां, द्वितीयो द्विद्विनभःप्रदेशावगाढानां, तृतीयस्तु त्रित्रिनभःप्रदेशावगाढानां स्कन्धानाम् । तथा चतुरणुकस्कन्धानां चत्वारो राशयः । एक एकैकनभःप्रदेशावगाढानाम्, द्वितीयो द्विद्विनभःप्रदेशावगाढानाम्, तृतीयस्त्रित्रिनभःप्रदेशावगाढानाम्, चतुर्थस्तु चतुश्चतुर्नभःप्रदेशावगाढानां स्कन्धानाम् । एवं पञ्चाणुकस्कन्धानां पञ्च राशयो यावद्-

संख्याताणुकस्कन्धानां क्षेत्रावगाहनापेक्षयाऽसंख्याता रा[illegible]
अनन्ताणुकस्कन्धानां तु क्षेत्रावगाहापेक्षया नानन्ता राश[illegible]
त्लोकाकाश प्रदेशाग्रस्यासंख्यातस्यैव सर्वत्र गणनादिति। [illegible]
सति ये द्व्यणुकादयोऽनन्ताणुकान्ताः स्कन्धा एकैकप्रदे[illegible]
गाहिस्कन्धराशिवर्जा द्व्यादिप्रदेशावगाहिनो राशयस्ते [illegible]
क्षेत्रतः सप्रदेशा इति ॥ २२ ॥

ટીકાર્થ—ક્ષેત્ર અપ્રદેશો કરતાં ક્ષેત્રથી સપ્રદેશો અસં[illegible] ગુણા છે. કારણ કે એક એક આકાશ પ્રદેશમાં અવગાહીને રહે[illegible] સ્કંધોને છોડી બે આદિ આકાશ પ્રદેશ અવગાહી સ્કંધો બધા ગ[illegible] ગ્રહણ કરવા. આનો અર્થ આ છે. બે પરમાણુસ્કંધોની ક્ષેત્ર અ[illegible] ગાહનાની અપેક્ષાએ બે રાશિ એક એક [1]આકાશ પ્રદેશ[illegible] સ્કંધોની, બીજી બે બે આકાશપ્રદેશ અવગાહીસ્કંધોની તથા ત્ર[illegible] પરમાણુસ્કંધોની ક્ષેત્ર અવગાહનાની અપેક્ષાએ ત્રણરાશિ એ[illegible] આકાશપ્રદેશ અવગાહી સ્કંધોની, બીજી બે બે આકાશપ્રદેશ અવગા[illegible] સ્કંધોની ત્રીજી ત્રણ ત્રણ આકાશપ્રદેશ અવગાહી સ્કંધોની, ત[illegible] ચાર પરમાણુસ્કંધોની ક્ષેત્રઅવગાહનાની અપેક્ષાએ ચાર રા[illegible] એક એક આકાશપ્રદેશ અવગાહીની, બીજી બે બે આકાશપ્રદે[illegible] અવગાહીની, ત્રીજી ત્રણ ત્રણ આકાશ પ્રદેશ અવગાહીની, ચોથી ચ[illegible] ચાર આકાશપ્રદેશ અવગાહીસ્કંધોની. આ મુજબ પાંચ પરમાણુ સ્[illegible] ધોની પાંચ રાશિઓ યાવત્ અસંખ્યાતપરમાણુ સ્કંધોની ક્ષેત્ર અ[illegible] ગાહનાની અપેક્ષાએ અસંખ્યાત રાશિઓ થાય છે. અનંત પરમાણુ સ્કંધોની તો ક્ષેત્ર અવગાહનાની અપેક્ષાએ અનંતરાશિઓ થ[illegible] નથી. કારણ કે સમસ્ત લોકાકાશના પ્રદેશોને અસંખ્યાત જ કહ્યા છે[illegible] આથી બે પરમાણુથી માંડી અનંતપરમાણુ પર્યંતના સ્કંધો એ[illegible]

---

[1] [illegible]

लक्षण एक ज अवगाहना स्थान छे. क्षेत्र अप्रदेशोनुं अने प्रदेशोनुं तो बे आकाशप्रदेशोथी मांडी असंख्यात पर्यंत असंख्याता अवगाहना स्थानो मळे छे. आ कारणथी अप्रदेशो करतां क्षेत्र सप्रदेशो असंख्यात गुणा छे. (२३)

अथ द्रव्यतः कालतो भावतश्च सप्रदेशानां प्रमाणमाह—

दव्वेण हुंति इत्तो, सपएसा पुग्गला विसेसहिआ।
कालेण य भावेण य, एमेव भवे विसेसहिआ।

हवे द्रव्यथी काळथी तथा भावथी सप्रदेशोनुं प्रमाण

मूलार्थ—क्षेत्रसप्रदेशो करतां द्रव्यसप्रदेशो विशेषाधिक छे. तेना करतां काल सप्रदेशो विशेषाधिक तेना करतां आ मुजब भावसप्रदेशो विशेषाधिक छे.

एभ्यः क्षेत्रतः सप्रदेशेभ्यो द्रव्यतः सप्रदेशाः पुद्गला पाधिकाः । तथा द्रव्यतः सप्रदेशेभ्यः कालतः सप्रदेशाः विशेषाधिकाः । एवं कालतः सप्रदेशेभ्यो भावतः धिका इति ॥ २४ ॥

टीकार्थ—क्षेत्र सप्रदेशो करतां द्रव्यथी स विशेषाधिक छे. तथा द्रव्यथी सप्रदेशो करतां काळथी गलो विशेषाधिक छे. आ मुजब काळथी सप्रदेशो सप्रदेशो विशेषाधिक छे (२४).

अमीषां विशेषाधिकत्वे युक्तिमाह—

भावाईआ वुड्ढी, असंखगुणिआ
तो सप्पएसयाणं,

તેનો પાછળનો બીજો ભાગ એક ગુણકાળાદિ છોડી અનંતગુણકાળાદિ બધા અપ્રદેશો સર્વથી વધારે થયા. આ મુજબ અપ્રદેશોનું અલ્પબહુત્વ પૂર્ણ થયું (૨૫)

अथ मिश्राल्पबहुत्वमाह—

मीसाण संकमं पइ, सपएसा खित्तओ असंखगुणा।
भणिआ सट्ठाणे पुण, थोवच्चिअ ते गहेअव्वा॥२६॥

હવે મિશ્ર અલ્પબહુત્વ બતાવે છે.

મૂલાર્થ—મિશ્રોના અલ્પબહુત્વ સંબંધી વિચારને આશ્રિ ક્ષેત્ર અપ્રદેશો કરતાં ક્ષેત્ર સપ્રદેશો અસંખ્યાત ગુણા છે. પોતાને સ્થાને વળી ક્ષેત્ર સપ્રદેશો સર્વથી થોડા જાણવા. (૨૬)

मिश्राणामित्यप्रदेशसप्रदेशानां मीलितानां संक्रमं प्रत्य-
प्रदेशेभ्यः सप्रदेशेष्वल्पबहुत्वविचारसंक्रमे क्षेत्रतोऽप्रदेशेभ्यः क्षेत्रतः सप्रदेशा असंख्येयगुणाः । स्वस्थाने पुनरप्रदेशान् विहाय केवलसप्रदेशचिन्तायां द्रव्यकालभावानां सप्रदेशानां क्रमशो विशेषाधिकानामपेक्षया स्तोका एव ते क्षेत्रतः सप्रदेशा इति॥२६॥

ટીકાર્થ—મિશ્રાણું કહેતાં અપ્રદેશ તથા સપ્રદેશોનું પરસ્પર મળીને સંક્રમ પ્રતિ એટલે અપ્રદેશ થકી સપ્રદેશને વિષે અલ્પ બહુત્વના સંક્રમણમાં ક્ષેત્રથી અપ્રદેશો કરતાં ક્ષેત્રથી સપ્રદેશો અસંખ્યાત ગુણા છે. પણ ક્ષેત્ર સપ્રદેશો પોતાના સ્થાનમાં એટલે અપ્રદેશને છોડી કેવળ સપ્રદેશોનોજ વિચાર કરીએ ત્યારે ક્ષેત્ર સપ્રદેશો. દ્રવ્ય, કાળ, તથા ભાવ સપ્રદેશો વિશેષાધિક છે. તેની અપેક્ષાએ થોડાજ છે. આ ક્ષેત્રથી સપ્રદેશ જાણવા (૨૬)

एतदेवाह—

खित्तेण सप्पएसा, थोवा दव्वद्धभावओ अहिया ।
सप्पएसप्पाबहुअं, सट्ठाणे अत्थओ एवं ॥ २७ ॥

આજ વાત કહે છે.

મૂલાર્થ—ક્ષેત્રથી સપ્રદેશો થોડા છે, તેના કરતાં દ્રવ્ય, કાળ તથા ભાવના સપ્રદેશો અધિક છે. આ મુજબ પોતાના સ્થાનને વિષે વ્યાખ્યાનથી સપ્રદેશોનું અલ્પબહુત્વપણું જાણવું. (૨૭)

शेषसप्रदेशापेक्षया क्षेत्रतः सप्रदेशाः स्तोकाः, स्तोकत्वे च गाथे युक्तिः पूर्वविचारितैव । 'दव्वद्धभावओ अहिया' इति द्रव्यतः कालतो भावतश्च सप्रदेशाः क्रमशो विशेषाधिकाः । अर्थत इति व्याख्यानापेक्षया इत्थं स्वस्थाने सप्रदेशानां पुद्गलानामल्पबहुत्वमवगन्तव्यमिति ॥ २७ ॥

ટીકાર્થ—બીજા સપ્રદેશોની અપેક્ષાએ ક્ષેત્રસપ્રદેશો થોડા છે. થોડા હોવામાં યુક્તિ પ્રથમ વિચારેલ છે જ. ક્ષેત્રસપ્રદેશ કરતા દ્રવ્ય, કાળ તથા ભાવઆદિ સપ્રદેશો વિશેષાધિક છે. અર્થતઃ કહેતાં વ્યાખ્યાનની અપેક્ષાએ આ મુજબ સ્વસ્થાનને વિષે સપ્રદેશ પુદ્ગલોનું અલ્પબહુત્વપણું જાણવું. (૨૭)

अल्पबहुत्वसंख्यामाह—

पढमं अपएसाणं, बीयं पुण होइ सप्पएसाणं ।
तइयं पुण मीसाणं, अप्पबहू अत्थओ तिन्नि॥२८॥

અલ્પબહુત્વ કેટલા થયા તેની સંખ્યા બતાવે છે

મૂલાર્થ—અપ્રદેશોનું પ્રથમ, બીજું વળી સપ્રદેશોનું તેમજ વળી ત્રીજું મિશ્રોનું અલ્પબહુત્વપણું આ પ્રમાણે અર્થથી ત્રણ અલ્પબહુત્વ થાય છે. (૨૮)

प्रथमं द्रव्याद्यप्रदेशानां चतुर्णां पुद्गलानामल्पबहुत्वमुक्तम् द्वितीयं तेषामेव द्रव्यादिनः सप्रदेशानाम्। तृतीयं मिश्राणामिति। सप्रदेशाप्रदेशानां मिलितानामित्यर्थतो व्याख्यानद्वारेण त्रीण्यल्पबहुत्वानि भवन्ति। सूत्रे त्वेकमेवाल्पबहुत्वमुक्तमिति ॥ २८ ॥

ટીકાર્થ—દ્રવ્યાદિ અપ્રદેશ ચાર પુદ્ગલ સંબંધિ અલ્પબહુત્વપણું પ્રથમ કહ્યું છે. બીજું તેજ દ્રવ્યાદિ ચાર સપ્રદેશોનું અને ત્રીજું સપ્રદેશ અપ્રદેશ મળી મિશ્રોનું. આ પ્રમાણે વ્યાખ્યાનથી ત્રણ અલ્પ બહુત્વ થાય છે. પણ સૂત્રને વિષે તો એક જ અલ્પ બહુત્વ કહેલ છે. (૨૮)

सप्रदेशानामन्योन्यं हानिवृद्धिप्रमाणमाह—

ठाणे ठाणे वड्ढइ, भावाईणं जमप्पएसाणं।
तं चिअ भावाईणं, परिभस्सइ सप्पएसाणं ॥२९॥

સપ્રદેશ અપ્રદેશોને પરસ્પર કેટલી ઓછાશ અધિકતા છે તેનું પ્રમાણ બતાવે છે.

મૂલાર્થ—ભાવાદિ અપ્રદેશોની જે સંખ્યા સ્થાને સ્થાને વધે છે, તેજ સંખ્યા ભાવાદિ સપ્રદેશોમાંથી ઓછી થાય છે. (૨૯)

---

१ 'सप्रदेशाप्रदेशानां' इति पाठोऽयं कपुस्तकमात्राधारतया मूले नादृतः ॥

भावादीनामप्रदेशानां सप्रदेशानामप्रदेशानां स्थाने स्थाने यद्वर्धते, तदेव सप्रदेशानां भावादीनां परिहीयते । यथा किल कल्पनया लक्षं पुद्गलानां भावतः कालतो द्रव्यतः क्षेत्रतश्चाप्रदेशाः एकद्विपञ्चदशसहस्रसंख्याः, सप्रदेशास्तु नव-नवत्यष्टनवतिपञ्चनवतिनवतिसहस्रसंख्याः तत्र भावाप्रदेशेभ्यः कालाप्रदेशेषु सहस्रं वर्धते, तदेव भावतः सप्रदेशेभ्यः कालतः सप्रदेशेषु हीयते । तथा यदेव कालाप्रदेशेभ्यो द्रव्याप्रदेशेषु सहस्र-त्रयं वर्धते, तदेव कालसप्रदेशेभ्यो द्रव्यसप्रदेशेषु हीयते । तथा यदेव द्रव्याप्रदेशेभ्यः क्षेत्राप्रदेशेषु सहस्रपञ्चकं वर्धते, तदेव द्रव्य-सप्रदेशेभ्यः क्षेत्रसप्रदेशेषु हीयते इति ॥ २९ ॥

स्थापना चेयम् ।

भावाप्र० १०००	कालाप्र० २०००	द्रव्याप्र० ५०००	क्षेत्राप्र० १००००
भावसप्र० ९९०००	कालसप्र० ९८०००	द्रव्यसप्र० ९५०००	क्षेत्रसप्र० ९००००

ટીકાર્થ—ભાવ, કાલ, દ્રવ્ય તથા ક્ષેત્ર અપ્રદેશોની જે સંખ્યા સ્થાને સ્થાને વધે છે, તેજ સંખ્યા સપ્રદેશ ભાવાદિકોમાંથી ઓછી થાય છે, દૃષ્ટાંત તરીકે કલ્પનાથી એક લાખ પુદ્ગલો છે. આ પુદ્ગલોમાં ભાવથી, કાલથી, દ્રવ્યથી, તથા ક્ષેત્રથી અપ્રદેશો અનુક્રમે, એકહજાર, બે હજાર, પાંચહજાર, દશહજાર છે. સપ્રદેશો અનુક્રમે નવાણું હજાર, અઠાણું હજાર, પંચાણું હજાર, અને નેવું હજાર છે. તત્ર ભાવ અપ્રદેશ કરતાં કાલ અપ્રદેશને વિષે જે એક હજાર વધે છે, તેજ હજાર ભાવસપ્રદેશ કરતાં, કાલસપ્રદેશને વિષે ઓછા છે; તેમજ કાલ અપ્રદેશ કરતાં દ્રવ્ય અપ્રદેશમાં જે ત્રણ હજાર સંખ્યા વધે છે, તેજ ત્રણ હજાર કાલ સપ્રદેશ કરતાં દ્રવ્ય સપ્રદેશને વિષે ઘટે છે, તથા દ્રવ્ય અપ્રદેશ કરતાં ક્ષેત્ર અપ્રદેશમાં જે પાંચ હજાર સંખ્યા વધે છે તેજ પાંચ હજાર સંખ્યા દ્રવ્ય સપ્રદેશ કરતાં ક્ષેત્ર

આની સ્થાપના નીચે મુજબ છે.

ભાવઅપ્રદેશ.	કાલઅપ્રદેશ.	દ્રવ્યઅપ્રદેશ.	ક્ષેત્રઅપ્ર-
૧૦૦૦	૨૦૦૦	૫૦૦૦	૧૦૦૦
ભાવસપ્રદેશ.	કાલસપ્રદેશ.	દ્રવ્યસપ્રદેશ.	ક્ષેત્રસપ્ર
૯૯૦૦૦	૯૮૦૦૦	૯૫૦૦૦	૯૦૦૦

अहवा खित्ताईणं, जमप्पएसाण हायए कमसो।
तं चिअ खित्ताईणं, परिवड्ढइ सप्पएसाणं ॥३०

मूलार्थ—અથવા ક્ષેત્રાદિ અપ્રદેશોની જે હાનિ કહી છે, તેજ ક્ષેત્રાદિ સપ્રદેશોની વૃદ્ધિ અનુક્રમે જાણવી. (૩૦)

अथवा [द्रव्य] क्षेत्रादीनां यदप्रदेशानां हीयते, क्रमेण तदेव सप्रदेशानां क्षेत्रादीनां परिवर्धत इति । अयमर्थः—क्षेत्राप्रदेशेभ्यो द्रव्याप्रदेशेषु पञ्च सहस्रा हीयन्ते । त एव क्षेत्रतः सप्रदेशेभ्यो द्रव्यसप्रदेशेषु वर्धन्ते । तथा य एव द्रव्यतोऽप्रदेशेभ्यः कालाप्रदेशेषु त्रयः सहस्रा हीयन्ते । त एव द्रव्यसप्रदेशेभ्यः कालसप्रदेशेषु वर्धन्ते । तथा यदेकं सहस्रं कालाप्रदेशेभ्यो भावाप्रदेशे हीयते । तदेव कालसप्रदेशेभ्यो भावसप्रदेशेषु वर्धते इति ॥३०॥

ટીકાર્થ—અથવા ક્ષેત્રાદિ અપ્રદેશોની જે હાની કરી છે, તેજ સપ્રદેશ ક્ષેત્રાદિકોની વૃદ્ધિ અનુક્રમે જાણવી. આનો આ અર્થ છે કે ક્ષેત્ર અપ્રદેશો કરતાં દ્રવ્ય અપ્રદેશોને વિષે જે પાંચ હજાર ઘટે છે તેજ પાંચ હજાર ક્ષેત્ર સપ્રદેશો કરતાં દ્રવ્ય સપ્રદેશોમાં વધે છે, તેમ જે દ્રવ્ય અપ્રદેશો કરતાં કાલ અપ્રદેશોમાં ત્રણ હજાર ઘટે છે, તેજ ત્રણ હજાર દ્રવ્ય સપ્રદેશો કરતાં કાલ સપ્રદેશોને વિષે વધે છે. તથા જે એક હજાર કાલ અપ્રદેશો કરતાં ભાવ અપ્રદેશોમાં ઘટે છે તે કાલ સપ્રદેશો કરતાં ભાવ સપ્રદેશોમાં એક હજાર વધે છે

થામાં ઘટવા સંબંધી વાત કરી છે. આ ગાથામાં વધવા સંબંધી ત કરી છે. બંને એકજ રીતિ છે. (૩૦)

परुप्परप्पसिद्धा, वुड्ढी हाणी अ होइ दुह्नंपि ।
पएसप्पपएसाण पुग्गलाणं सलक्खणओ ॥३१॥

મૂળાર્થ—આ પ્રમાણે પરસ્પર અપ્રદેશ તથા સપ્રદેશ બન્ને પુદ્ગલોની વૃદ્ધિ તથા હાનિ સ્વસ્વરૂપથીજ થાય . (૩૧)

परस्परतोऽन्योन्यापेक्षया प्रकर्षेण सिद्धा प्रतिष्ठिता स्व-लक्षणतः स्वस्वरूपतो वृद्धिर्हानिश्च भवति, द्वयोरपीति पुद्गलानां विकालद्रव्यक्षेत्रविशिष्टानां क्रमोत्क्रमाभ्यां वृद्धिहानिमतामप-राशेः सप्रदेशराशेश्चेत्यर्थः ॥ ३१ ॥

ટીકાર્થ—આ પ્રમાણે એક બીજાની અપેક્ષાએ સ્વસ્વરૂપથીજ ક્રમ તથા ઉત્ક્રમવડે વૃદ્ધિ તથા હાનિ પામતા એવા ભાવ-કાલ, દ્રવ્ય તથા ક્ષેત્ર વિશિષ્ટ પુદ્ગલોની બન્ને અપ્રદેશ તથા સપ્રદેશ રાશિની વૃદ્ધિ તથા હાનિ કહી છે. (૩૧)

अमुमेवार्थं व्यनक्ति—

ते चेवं य ते चउहिवि, जमुवचरिज्जंति पुग्गला दुविहा ।
तेण उ वुड्ढी हाणी, तेसिं अन्नोन्नसंसिद्धा ॥ ३२ ॥

. આજ અર્થને પ્રગટ કરી બતાવે છે.

મૂળાર્થ—જે પુદ્ગલો અપ્રદેશ તથા સપ્રદેશથી બે પ્રકારે બતાવ્યા છે. તેજ પુદ્ગલો ભાવાદિ ચાર પ્રકારથી વિશિષ્ટ કરે છે. તે ભાવાદિ વડેજ પુદ્ગલોની પરસ્પર હાનિ વૃદ્ધિ થાય છે. (૩૨)

यस्मात्पुद्गला द्विविधाः सप्रदेशा अप्रदेशाश्चेत्यर्थः। ... र्यन्ते विशिष्यन्ते चतुर्भिरपि भावकालादिभिः ... त एव ते नान्ये । अयमर्थः—ये किल कल्पनया ... उक्ताः परमार्थेन तु अनन्ताः सन्ति, तेषां मध्यात्केचिद् द्रव्यतो ऽप्रदेशाः शेषास्तु द्रव्यतः सप्रदेशाः । य एव द्रव्यतोऽप्रदेशाः सप्रदेशाश्च, त एव च कालादिभिरप्यप्रदेशाः सप्रदेशाश्च विचार्यन्ते तेन तेषां पुद्गलानां वृद्धिर्हानिश्चान्योऽन्यसंसिद्धा, इतरेतरायत्तौ परस्परापेक्षयेत्यर्थः ॥ ३२ ॥

ટીકાર્થ—જે પુદ્ગલો અપ્રદેશ તથા સપ્રદેશથી બે પ્રકારે કહેલ છે, તેજ પુદ્ગલો ભાવ-કાલાદિ ચાર પ્રકારથી વિશિષ્ટ કરાય છે. જુદા જુદા પાડે છે. પણ વાસ્તવિક રીતે તે બેજ અપ્રદેશ તથા સપ્રદેશ છે, બીજા નથી. આનો આ અર્થ છે. જે પુદ્ગલો કલ્પનાથી એક લાખ ગણેલ છે. તે પુદ્ગલો પરમાર્થથી અનંતા છે. તે પુદ્ગલોની મધ્યે કેટલાક દ્રવ્યથી અપ્રદેશો છે. બાકીના બધા સપ્રદેશો છે, અને જે પુદ્ગલો દ્રવ્યથી અપ્રદેશો તથા સપ્રદેશો છે, તેજ પુદ્ગલોનો કાલાદિવડે અપ્રદેશ તથા સપ્રદેશનો વિચાર કરાય છે. આ કારણથી પુદ્ગલોની પરસ્પર વૃદ્ધિ તથા હાનિ સિદ્ધ થાય છે (૩૨) ટીકાકારે જે દૃષ્ટાંત આપી વૃદ્ધિ હાની બતાવી છે. તેજ વાત મૂલકાર બતાવે છે. (૩૨)

एएसिं रासीणं, णिदरिसणमिणं भणामि पच्चक्खं ।
वुड्ढीए सव्वपुग्गल, जावं तावाण लक्खो उ ॥३३॥

મૂલાર્થ—ઉપર બતાવેલ રાશિ સંબંધી પ્રત્યક્ષ દૃષ્ટાંત કહું છું. સમગ્ર પુદ્ગલોની વૃદ્ધિ જે છે, તે બધાને કલ્પનાથી–એક લાખ ધારો. (૩૩)

चदो अ पंच य, दस य सहस्साइँ अप्पएसाणं ।
गावाईणं कमसो, चउण्हवि जहोवइट्ठाणं ॥ ३४ ॥

મૂળાર્થ—તેમાં એક હજાર, બેહજાર, પાંચહજાર, દશહજાર અનુક્રમે ભાવાદિ ચાર અપ્રદેશોને જાણો. (૩૪)

कल्पनया यावन्तः सर्वपुद्गलास्तावतां लक्षमिति ॥ ३३ ॥
एकं द्वे पञ्च दश सहस्राणि अप्रदेशानां भावादीनां भावकालद्रव्यक्षेत्राणां चतुर्णामपि यथोपदिष्टानां क्रमेणावगन्तव्यानि ॥३४॥

ટીકાર્થ—કલ્પના વડે જેટલા પુદગલો છે તે બધાને એક લાખ ગણો. (૩૩)

ટીકાર્થ—ભાવ અપ્રદેશ, કાલ અપ્રદેશ, દ્રવ્ય અપ્રદેશ, તથા ક્ષેત્ર અપ્રદેશ જે ચાર કહ્યા છે, તે અનુક્રમે એક હજાર, બે હજાર, પાંચ હજાર તથા દશ હજાર જાણવા. (૩૪)

नउई पंचाणउई अट्ठाणउई तहेव नवनउई ।
एवइयाइँ सहस्साइँ सप्पएसाण विवरीअं ॥३५॥

મૂળાર્થ—નેવું હજાર, પંચાણું હજાર, અઠ્ઠાણું હજાર તેમજ નવાણું હજાર વિપરીતથી સપ્રદેશોને જાણો. (૩૫)

वैपरीत्येन सप्रदेशानां नवतिः पञ्चनवतिरष्टनवतिर्नवनवतिश्च सहस्राणां क्रमेणावगन्तव्या । वैपरीत्यं चेदम्—क्षेत्रतः सप्रदेशानां नवतिसहस्राणि । द्रव्यतः सप्रदेशानां पञ्चनवतिसहस्राणि । कालतः सप्रदेशानामष्टनवतिसहस्राणि । भावतः सप्रदेशानां नवनवतिसहस्राणीति ॥ ३५ ॥

ટીકાર્થ—વિપરીતપણાથી અપ્રદેશોને જેનું હજાર, હજાર, અડાણું હજાર, નવાણું હજાર અનુક્રમે જાણવા. વિશે બતાવે છે, ક્ષેત્રથી અપ્રદેશો જેનું હજાર છે. દ્રવ્યથી અપ્રદેશો પંદર હજાર છે. કાલથી સપ્રદેશો અડાણું હજાર છે. ભાવથી અપ્રદેશો વાણું હજાર છે. (૩૫)

एएसि जहासंभवमत्थोवणयं करिज्ज रासीणं।
सब्भावओ अ जाणिज्ज ते अणंते जिणाभिहिए॥३६॥

॥ इति समाप्तेयं पुद्गलषट्त्रिंशिका ॥

मूळार्थ—આ ચાર રાશિનો યથાસંભવ અર્થ-ઉપનય કરી લેવો. આ વાત કલ્પનાથી કહી છે. વાસ્તવિક તે પુદ્ગલો અનંતા તીર્થંકરોએ કહેલ છે. એમ જાણો(૩૬)

एतेषां पूर्वोक्तानां सप्रदेशाप्रदेशानां राशीनां यथासंभवमर्थोपनयमर्थभावनां कुर्यात् । अर्थभावना तु सप्रदेशाप्रदेशानामल्पबहुत्वविचाररूपा पूर्वव्याख्याने कृतैवेति नेह प्रतन्यते । अत्र लक्षसंख्यया पुद्गलानामल्पबहुत्वविचारणमव्युत्पन्नमतिशिष्यव्युत्पादनार्थम् । परमार्थतस्तु तान् पुद्गलाननन्तान् जिनाभिहितान् जानीयादिति ॥ ३६ ॥

इति श्रीरत्नसिंहसूरिविवृता पुद्गलषट्त्रिंशिकावृत्तिः समर्थितेति ॥

ટીકાર્થ—જે પૂર્વે કહેલ સપ્રદેશ, અપ્રદેશ રાશિઓનો યથાસંભવ અર્થનો ઉપનય અગર અર્થની ભાવના તમો કરી લ્યો. સપ્રદેશ, અપ્રદેશની અલ્પબહુત્વ વિચારણારૂપ ભાવના પ્રથમ વ્યા-

1 'सत्यमन्यया' इति क्वचित् ।

વનમાં કહેલ છે, માટે અહીં ફરી કહેતા નથી. અહીં પુદ્ગલોની એક બ સંખ્યાવડે જે અલ્પબહુત્વની વિચારણા કરી તે માત્ર અલ્પબુદ્ધિવાન શિષ્યની બુદ્ધિ વિકાશ કરવા માટે જાણવું. વાસ્તવિક રીતે તો કેવળજ્ઞાને કહેલા પુદ્ગલો અનંતા છે. તે તમે જાણો. (૩૬)

इति श्रीरत्नसिंहसूरि विरचिता पुद्गल षट्त्रिंशिका टीकायां दुर्बोधपदा श्रीतप गच्छपति संवेगादिगुणमणि ज्ञानादिगुणगणालंकृत श्री मुक्तिविमलगणि शिष्य श्रीमद् पंन्यासजी श्रीकमलविमलगणि शिष्य मुनि देवविमलगणिना समर्थिताः रूपपुर्वमालवनगरे पूर्णता सं. १९७२ फाल्गुन मासे शुक्लपक्षे मणिपदार्थं शुभं भूयात्॥

॥ इति सवृत्तिका पुद्गलषट्त्रिंशिका समाप्ता ॥



પુદ્ગલ ષટ્ત્રિંશિકામાંથી સારાંશ.

---

૧ ભાવ અપ્રદેશ, કાલ અપ્રદેશ, દ્રવ્ય અપ્રદેશ, ક્ષેત્ર અપ્રદેશ.

ભાવ અપ્રદેશ પુદ્ગલ કહેતાં પુદ્ગલોમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ ભાવપર્યાયો અનંતા છે, છતાં જ્યારે એક ગુણ કાળો, રાતો, તેમજ એક ગુણ રસ, ગંધ, સ્પર્શાદિની વિવક્ષા કરવામાં આવે ત્યારે તેને ભાવ અપ્રદેશ કહે છે. અથવા ભાવને આશ્રિ અપ્રદેશ કહે છે.

૨ કાલ અપ્રદેશ પુદ્ગલ કહેતા પુદ્ગલોનો સ્થિતિ કાળ ઘણો છે, છતાં પ્રથમ એક સમય સ્થિતિકાળ દરેક પુદ્ગલોના ફેરફારને લીધે વિવક્ષા કરવામ. આવે ત્યારે તેને કાલથી અપ્રદેશ કહે છે.

૩ દ્રવ્ય અપ્રદેશ પુદ્ગલ કહેતાં સ્કંધો સંખ્યાતાદિ પ્રદેશ છે, છતાં કેવળ જુદા રહેલા પરમાણુઓની વિવક્ષા કરવામાં આવે ત્યારે તેને દ્રવ્યથી અપ્રદેશ કહે છે.

૪ ક્ષેત્રઅપ્રદેશ પુદ્ગલ કહેતાં આકાશના સંખ્યાતાદિ પ્રદેશે પુદ્ગલ સ્કંધો અવગાહીને રહ્યા છે, છતાં એક આકાશપ્રદેશને કોઇ પણ પુદ્ગલ સ્કંધો રહ્યા છે, તેને ક્ષેત્રઅપ્રદેશ કહે છે.

૫ ભાવ અપ્રદેશ ૧, કાલ અપ્રદેશ ૨, દ્રવ્ય અપ્રદેશ ૩, ક્ષે અપ્રદેશ ૪. આ ચારેનો પરસ્પર અલ્પ બહુત્વ સંબંધી વિચાર કહે

૬ સર્વથી થોડા ભાવ અપ્રદેશો છે. એક ગુણકાલકાદિ.

૭ ભાવ અપ્રદેશો કરતાં કાલ અપ્રદેશો અસંખ્યાત ગુણા છે.

કાલઅપ્રદેશ એક સમય સ્થિતિવાળા પુદ્ગલને કહે છે. અને તેવા ભાવ અપ્રદેશ તથા ભાવ સપ્રદેશમાં એક સમય સ્થિતિવાળા પુદ્ગલો મળી આવવાથી કાળ અપ્રદેશો અસંખ્યાત ગુણા અધિક છે.

દ્રવ્ય આશ્રિ કાળ અપ્રદેશ બતાવે છે.

૮ દ્રવ્ય જે પરમાણુ તેમજ બે પ્રદેશી સ્કંધો સ્વે તે સ્થિતિ આશ્રિ એક સમય રહે તો તે કાલથી અપ્રદેશ કહેવાય છે. પ્રથમ રૂપાદિ ભાવને આશ્રિ કહેલ હતું અહીં દ્રવ્યને આશ્રિ જાણવું.

ક્ષેત્ર આશ્રિ કાલ અપ્રદેશ.

૯ એક આકાશાદિ પ્રદેશમાં રહેલ પરમાણુ આદિ સ્કંધો જે તે પોતાના સ્થાનથી બીજા ક્ષેત્રને સ્પર્શે ત્યારે પ્રથમ જે એક સમય સ્થિતિકાલ છે, તેને ક્ષેત્ર આશ્રિ કાલ અપ્રદેશ કહે છે.

અવગાહનાને આશ્રિ કાલ અપ્રદેશ.

૧૦ જે પુદ્ગલ સ્કંધો સંકોચ, વિકોચને આશ્રિ પ્રથમ અલ્પ આકાશ પ્રદેશમાં રહી ફેર વિશેષ આકાશ પ્રદેશમા રહે છે ત્યારે પ્રથમ જે એક સમય સ્થિતિકાળ તેને અવગાહનાને આશ્રિ કાળ અપ્રદેશ કહે છે.

પુદ્ગલ પરિણામને આશ્રિકાળ અપદેશ.

૧૧ પુદ્ગલોનાં જે પરિણામ સૂક્ષ્મ, બાદર, સ્થિર, અસ્થિર, વર્ણ પરિણામ, ગંધ પરિણામ, કર્માદિ પરિણામ આ બધા પરિણામોને આદિ પ્રથમ જે સમય સ્થિતિકાળ તે તે પુદ્ગલ પરિણામને આદિ કાળથી અપેક્ષા કરે છે.

આ મુજબ કાળ અપદેશો અસખ્યાત ગુણા છે.

શિષ્યશંકા.

૧૨ એક ગુણ, બે ગુણ, ત્રણ ગુણથી માંડી યાવત્ અનંત ગુણ કાળકત્વાદિ સ્થાનો મળવાથી એક ગુણ કાળકાદિ સ્થાનને છોડી બાકીનાં બધાં સ્થાનો એક સમય સ્થિતિવાળા કાલ અપદેશોને મળવાથી શા માટે અનંતગુણા કાલ અપદેશો ન થાય ?

ઉત્તર.

૧૩ અનંતગુણ કાળકત્વાદિ રૂપી એક ગુણ કાળકાદિ કરતાં અનંતમે ભાગે છે, જેથી અસખ્યાત ગુણા કાલ અપદેશ છે.

યુક્તિ બતાવે છે.

૧૪ એક ગુણ કાલાદિની એક રાશિ ૧. બે ગુણથી માંડી ઉત્કૃષ્ટ સંખ્યાત ગુણ કાલાદિની બીજી રાશિ ૨. ઉત્કૃષ્ટ સંખ્યાત ગુણ કાલાદિમાં એક આદિ એક ઉત્તર ગુણ વૃદ્ધિ કરતા ઉત્કૃષ્ટ સંખ્યાત ગુણ કાલાદિની ત્રીજી રાશિ ૩. ઉત્કૃષ્ટ અસંખ્યાત ગુણ કાલાદિમાં એક આદિ એક ઉત્તર ગુણ વૃદ્ધિ કરતા યાવત્ ઉત્કૃષ્ટ અનંતગુણ કાલાદિની ચોથી રાશિ ૪. આ ચોથી રાશી અનંતગુણ કાલાની છે. તે રાશિ પ્રથમ રાશિ જે એક ગુણકાલકાદિની છે, તેના કરતાં અનંતમે ભાગે છે, કારણ કે સખ્યાત ગુણ તથા અસખ્યાત ગુણ કાલકત્વાદિ રાશિ બાદ કરતા અનતગુણ રાશિ થોડી મળે છે, જેથી કાલ અપદેશ અસખ્યાત ગુણાજ હોય છે

૧૫ કાલ અપ્રદેશ કરતાં દ્રવ્ય અપ્રદેશો અસંખ્યાત ગુણા છે. દ્રવ્ય અપ્રદેશો પરમાણુઓ જાણવા.

૧૬ દ્રવ્ય અપ્રદેશો કરતાં ક્ષેત્ર અપ્રદેશો અસંખ્યાત ગુણા છે એક આકાશ પ્રદેશવૃત્તિ સ્કંધો જાણવા. એક આકાશ પ્રદેશમાં બે પરમાણુથી માંડી અનંત પ્રદેશી સ્કંધો રહેવાથી વધારે જાણવા.

આ મુજબ એક અલ્પબહુત્વ અપ્રદેશોનું પૂર્ણ થાય છે.

સપ્રદેશોનું અલ્પબહુત્વપણું બતાવે છે.

૧૭ ક્ષેત્ર અપ્રદેશો કરતાં ક્ષેત્ર સપ્રદેશો અસંખ્યાત ગુણા છે. સ્વસ્થાને અલ્પ છે.

૧૮ ક્ષેત્ર સપ્રદેશો કરતાં દ્રવ્ય સપ્રદેશો વિશેષાધિક છે.

૧૯ દ્રવ્ય સપ્રદેશો કરતાં કાલ સપ્રદેશો વિશેષાધિક છે.

૨૦ કાલ સપ્રદેશો કરતાં ભાવ સપ્રદેશો વિશેષાધિક છે.

દષ્ટાંત પૂર્વક આ વાત સમજાવે છે.

૨૧ એક હજાર ભાવ અપ્રદેશો છે. બે હજાર કાલ અપ્રદેશો છે. પાંચ હજાર દ્રવ્ય અપ્રદેશો છે. દશ હજાર ક્ષેત્ર અપ્રદેશો છે.

૨૨ ૯૦ હજાર ક્ષેત્ર સપ્રદેશો છે. ૯૫ હજાર દ્રવ્ય સપ્રદેશો છે. ૯૮ હજાર કાલ સપ્રદેશો છે. ૯૯ હજાર ભાવ સપ્રદેશો છે. આ મુજબ પરસ્પર અલ્પબહુત્વપણું જાણી લેવું.

અલ્પ બહુત્વો કેટલાં થયાં તે કહે છે.

૨૩ અપ્રદેશો ચારનું એક અલ્પબહુત્વ ૧, સપ્રદેશોનું બીજું અલ્પબહુત્વ ૨, અપ્રદેશ તથા સપ્રદેશ બન્નેનું સાથે ત્રીજું અલ્પબહુત્વ જાણવું ૩, આ મુજબ પુદ્ગલ ષટ્ત્રિંશિકાનો સારાંશ જાણવો.



॥ अर्हम् ॥

॥ सवृत्तिका निगोदषट्त्रिंशिका ॥

अथ पञ्चमाङ्गे एकादशशतके दशमोद्देशके निगोदविचारः "लोगस्स णं भंते एगंमि आगासपएसे जहन्नपए जीवपएसाणं उक्कोसपए जीवपएसाणं सव्वजीवाणं कयरे कयरे अप्पा वा बहुआ वा तुल्ला वा विसेसाहिया वा? गोयमा! सव्वत्थोवा लोगस्स एगंमि आगासपएसे जहन्नपए जीवपएसा, सव्वजीवा असंखिज्जगुणा। उक्कोसपए जीवपएसा विसेसाहिया" इति सूत्रम्। अथ भावार्थः वृद्धोक्ताभिः षट्त्रिंशता गाथाभिरमूभिराविर्भाव्यते। यथा—

(ભાષાંતર.)

પંચમ અંગ ભગવતીજી સૂત્રના ૧૧) અગ્યારમા શતકના દશમા ઉદેશામાં નિગોદનો વિચાર છે. તેજ કહે છે.

પ્રશ્ન—હે ભગવન્! લોકાકાશના એક આકાશ પ્રદેશમાં જઘન્યપદે જીવ પ્રદેશો, ઉત્કૃષ્ટપદે જીવ પ્રદેશો, તથા સર્વ જીવો આ ત્રણે પરસ્પર કોણ થોડા, કોણ વધારે, કોણ સરખા, તથા કોણ વિશેષાધિક?

ઉત્તર—હે ગૌતમ! લોકાકાશના એક આકાશ પ્રદેશને વિષે જઘન્યપદે સર્વથી થોડા જીવ પ્રદેશો જાણવા, તેના કરતાં સર્વ જીવો અસંખ્યાત ગુણા જાણવા તેના કરતાં ઉત્કૃષ્ટપદને વિષે જીવ પ્રદેશો

નિગોદાદિક જાણવા. આ મુજબ ગાથા છે. હવે અહીં ભાષાંતર કરનાર કહેલ આ છત્રીસ ગાથાનું વિવેચન કહેવામાં આવે છે.

लोगस्सेगपएसे, जहन्नयपयम्मि जियपएसाणं।
उक्कोसपए य तहा, सव्वजियाणं च के बहुया ॥१॥

મૂલાર્થ—લોકાકાશના એક આકાશ પ્રદેશને વિષે જઘન્યપદે જીવ પ્રદેશો, ઉત્કૃષ્ટપદને વિષે જીવ પ્રદેશો તેમજ સર્વ જીવો તેમાં કોણ ઘણા છે ? (૧)

लोकाकाशस्यैकस्मिन्नभःप्रदेशे निर्विभागे क्षेत्रे जघन्यतः सूक्ष्मनिगोदादिजीवानां कति प्रदेशा अवगाढाः स्युः ? तथोत्कृष्टपदे उत्कृष्टपदे च लोकाकाशस्यैकस्मिन्नभःप्रदेशे निर्विभागे क्षेत्रे कति जीवानां प्रदेशा अवगाढाः स्युः ? तथा सर्वजीवानां समस्तलोकाकाशवर्तिनां सर्वभेदाभिन्नानामुत्कृष्टजघन्यपदैकनभःप्रदेशावगाढसूक्ष्मबादरादिभेदभिन्नजीवप्रदेशानां च के बहवः ? । इति सूत्रवृत्तिः ॥ इह चतुर्दशरज्ज्वात्मकोऽपि लोकः प्रदेशगणनापेक्षयाऽसंख्यातप्रदेशात्मकोऽस्ति। एकैकनिगोदावगाहना चाङ्गुलासंख्येयभागमात्रक्षेत्रप्रमाणा, यत्रैको निगोदस्तत्रासंख्येया निगोदाः अनन्तजीवानां चैकं साधारणं शरीरं निगोदः। एकैकजीवश्च स्वदेहेऽसंख्यातप्रदेशात्मको लभ्यते, स च सूक्ष्मनिगोदेष्वतीवसंकुचितोऽङ्गुलासंख्येयभागमात्रक्षेत्रमसंख्यातप्रदेशात्मकं व्याप्नोति। विस्तृतस्तु बहून् बहुतरान्वा यावत्केवलिसमुद्घातावस्थायां सर्वान् लोकाकाशप्रदेशान् व्याप्नोति। ततश्च स-

१ 'स्युः' इति क्वचित्। एवमग्रे। २ 'प्रदेशे' क्वापि। ३ 'भिन्नानां' क्वापि। ४ 'इति सूत्रवृत्तिः' इति क्वापि नास्ति। ५ 'क' क्वापि। ६ 'भाग' इति क्वापि नास्ति। ७ 'वा' इति क्वचिन्नास्ति।

ર્જીવપ્રદેશેષ્વેષા જઘન્યપદ એકસ્મિં ક્ષેત્રે નભઃપ્રદેશેઽસંખ્યાતનિગોદા-
વસ્થિતાનિ । કતિ સર્વજીવાઃ ? જઘન્યપદે ચ કતિ જીવાનાં
ત્રા અવગાહઃ પ્રભુઃ ? ઉત્કૃષ્ટોઽપિ કતિ ? ઇતિ પરસ્પરંતો સાત્તિ-
શય પરસ્પરમલ્પબહુત્વે પ્રશ્નઃ ॥ ૧ ॥

ટીકાર્થ—જેના કેવલીની દષ્ટિથી વિભાગ પડી ન શકે તેને પ્રદેશ કહેવામાં આવે છે. આવા લોકાકાશના એક પ્રદેશરૂપ ક્ષેત્રમાં જઘન્યપદે સૂક્ષ્મ નિગોદાદિ જીવોના કેટલા પ્રદેશો રહ્યા છે? તથા ઉત્કૃષ્ટપદે લોકાકાશના એક આકાશ પ્રદેશરૂપ ક્ષેત્રમાં જીવોના કેટલા પ્રદેશો રહ્યા છે? તેમજ સંપૂર્ણ લોકાકાશમાં રહેલ સમગ્ર જીવો, તથા જઘન્યપદે, તેમજ ઉત્કૃષ્ટપદે એક આકાશ પ્રદેશ ઉપર રહેલ સૂક્ષ્મ બાદર જીવો કરી ભિન્ન જીવોના પ્રદેશો. આ ત્રણે પરસ્પર કોણ વધારે? આ મુજબ સૂત્રની ટીકા છે. હવે શાસ્ત્રકાર પ્રશ્નને શરૂ કરતાં કહે છે કે ચૌદરાજરૂપ લોક પ્રદેશની ગણતરીથી અસંખ્યાત પ્રદેશરૂપ છે. એક એક નિગોદની અવગાહના, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્ર પ્રમાણની છે.

જ્યાં એક નિગોદ છે, ત્યાં બીજી અસંખ્યાતી નિગોદો છે. અનંત જીવોનું એક સાધારણ શરીર તેને નિગોદ કહે છે. દરેક જીવ અસંખ્યાતા પ્રદેશવાળો પોતપોતાને સ્થાને છે. આ જીવ સૂક્ષ્મ નિગોદને વિષે ઘણોજ સંકુચિત થઈને, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા આકાશના અસંખ્યાતા પ્રદેશરૂપ ક્ષેત્રને વ્યાપીને રહ્યો છે.

વિસ્તારથી તો આ જીવ ઘણા ઘણાજ આકાશના પ્રદેશોને વ્યાપીને રહ્યો છે. યાવત્ કેવલિસમુદ્ઘાત અવસ્થામાં લોકાકાશના સમગ્ર પ્રદેશોને વ્યાપીને રહ્યો છે. જ્યારે જીવ સંકુચિત વૃત્તિથી અંગુલનાઅસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રમા રહે છે, ત્યારે તે નિગોદવૃત્તિ

१ 'पंच' इति क्वचित् नास्ति ॥

વિશેષાધિક જાણવા. આ મુજબ ગાથા છે. હવે અહીં આચાર્ય શ્રી
કહેલ આ છત્રીસ ગાથાકે કહેવામાં આવે છે.

लोगस्सेगपएसे, जहन्नयपयंमि जियपएसाणं।
उक्कोसपए य तहा, सव्वजियाणं च के बहुया ॥१॥

મૂળાર્થ—લોકાકાશના એક આકાશ પ્રદેશને વિષે જઘન્યપદે જીવ પ્રદેશો, ઉત્કૃષ્ટપદને વિષે જીવ પ્રદેશો તેમ સર્વ જીવો તેમાં કોણ ઘણા છે? (૧)

लोकाकाशस्यैकस्मिन्प्रदेशे निर्विभागे क्षेत्रे जघन्यतः सूक्ष्मनिगोदादिजीवानां कति प्रदेशा अवगाढाः स्युः? तथोत्कृष्टपदे उत्कृष्टपदे च लोकाकाशस्यैकस्मिन्प्रदेशे निर्विभागे क्षेत्रे कति जीवानां प्रदेशा अवगाढाः स्युः? तथा सर्वजीवानां समस्तलोकाकाशवर्तिनां सर्वभेदाभिन्नानामुत्कृष्टजघन्यपदेन तत्प्रदेशावगाढमूलत्वादेकादिदाभिर्जीवप्रदेशानां च के बहवः? । इति सूत्रवृत्तिः ॥ इह चतुर्दशरज्ज्वात्मकोऽपि लोकः प्रदेशगणितायसयाऽसंख्यातप्रदेशात्मकोऽस्ति एकैकनिगोदावगाहना चाङ्गुलासंख्येयभागमात्रक्षेत्रप्रमाणा, यत्र चैको निगोदस्तत्रासंख्येया निगोदाः अनन्तजीवानां चैकं साधारणं शरीरं निगोदः। एकैकजीवश्च स्वदेशेऽसंख्यातप्रदेशात्मको लभ्यते, स च सूक्ष्मनिगोदेष्वतीव संकुचितोऽङ्गुलासंख्येयभागमात्रक्षेत्रमसंख्यातप्रदेशात्मकं व्याप्नोति। विस्तृतस्तु बहून् बहुतरान्वा यावत्केवलिसमुद्घातावस्थायां सर्वान् लोकाकाशप्रदेशान् व्याप्नोति। तत्र स

१ 'स्युः' इति क्वचित्। २ ... ३ 'पदे' ... ४ 'भिन्नानां' ...
५ 'ति ...' इति क्वापि नास्ति॥ ६ ... ७ 'भाग' इति क्वापि नास्ति॥
८ 'वा' इति क्वचिन्नास्ति।

[illegible]त्कृष्टपदे प्रदेशा जघन्यपद उत्कृष्ट [illegible] नभःप्रदेशेऽसंख्यातनिगोदा-
[illegible] । इति सर्वजीवाः " जघन्यपदे च प्रति जीवानां
प्रदेशा अवगाहाः स्युः ? उत्कृष्टपदेऽपि प्रति ? इति परमार्थतो व्याख्या-
[illegible] ॥ १ ॥

ટીકાર્થ—જેના કેવલીની દૃષ્ટિથી વિભાગ પડી ન શકે તેને પ્રદેશ કહેવામાં આવે છે. આખા લોકાકાશના એક પ્રદેશરૂપ ક્ષેત્રમાં જઘન્યપદે સૂક્ષ્મ નિગોદાદિ જીવોના કેટલા પ્રદેશો રહ્યા છે? તથા ઉત્કૃષ્ટપદે લોકાકાશના એક આકાશ પ્રદેશરૂપ ક્ષેત્રમાં જીવોના કેટલા પ્રદેશો રહ્યા છે? તેમજ સંપૂર્ણ લોકાકાશમાં રહેલ સમગ્ર જીવો, તથા જઘન્યપદે, તેમજ ઉત્કૃષ્ટપદે એક આકાશ પ્રદેશ ઉપર રહેલ સૂક્ષ્મ બાદર જેવા કરી ભિન્ન જીવોના પ્રદેશો. આ ત્રણે પરસ્પર કોણ વધારે? આ મુજબ સૂત્રની ટીકા છે. હવે શાસ્ત્રકાર પ્રશ્નને શરૂ કરતાં કહે છે કે ચૌદરાજરૂપ લોક પ્રદેશની ગણતરીથી અસંખ્યાત પ્રદેશરૂપ છે. એક એક નિગોદની અવગાહના, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્ર પ્રમાણની છે.

જ્યાં એક નિગોદ છે, ત્યાં બીજી અસંખ્યાતી નિગોદો છે. અનંત જીવોનું એક સાધારણ શરીર તેને નિગોદ કહે છે. દરેક જીવ અસંખ્યાતા પ્રદેશવાળો પોતપોતાને સ્થાને છે. આ જીવ સૂક્ષ્મ નિગોદને વિષે ઘણોજ સંકુચિત થઈને, અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા આકાશના અસંખ્યાતા પ્રદેશરૂપ ક્ષેત્રને વ્યાપીને રહ્યો છે.

વિસ્તારથી તો આ જીવ ઘણા ઘણાજ આકાશના પ્રદેશોને વ્યાપીને રહ્યો છે. યાવત કેવલિસમુદ્ઘાત અવસ્થામાં લોકાકાશના સમગ્ર પ્રદેશોને વ્યાપીને રહ્યા છે જ્યારે જીવ સંકુચિત વૃત્તિથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રમાં રહે છે. ત્યારે તે નિગોદવૃત્તિ

સર્વ જીવરાશિની અપેક્ષાએ જઘન્યથી એક આકાશ પ્રદેશમાં અસંખ્યાતા નિગોદના અંશો રહે છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે.

૧ કેટલા જીવો છે? ૨ જઘન્યથી એક આકાશ પ્રદેશને વિષે અગર જઘન્યપદે જીવના કેટલા પ્રદેશો રહ્યા છે? ૩ ઉત્કૃષ્ટથી એક આકાશ પ્રદેશને વિષે અગર ઉત્કૃષ્ટપદે જીવના કેટલા પ્રદેશો રહ્યા છે? પરમાર્થથી આ ત્રણ રાશિનો પરસ્પર અલ્પબહુત્વ સંબંધી પ્રશ્ન છે. (૧)

उत्तरमाह—

थोवा जहन्नयपए, जियप्पएसा जिया असंखगुणा।
उक्कोसपयपएसा, तओ विसेसाहिया भणिया ॥२॥

હવે ઉત્તર આપે છે.

મૂલાર્થ—જઘન્યથી એક આકાશ પ્રદેશને વિષે અગર જઘન્યપદે સર્વથી થોડા જીવ પ્રદેશો, તેના કરતાં જીવો અસંખ્યાત ગુણા, તેના કરતાં ઉત્કૃષ્ટથી એક આકાશ પ્રદેશને વિષે અગર ઉત્કૃષ્ટપદે વિશેષાધિક જીવ પ્રદેશો જાણવા. (૨)

एकत्र नभःप्रदेशे जीवप्रदेशा जघन्यपदे सर्वजीवराशेरपेक्षया स्तोकाः, असंख्येयनभमार्गवर्तित्वात् । जघन्यपदे जीवप्रदेशापेक्षया च सर्वजीवानामसंख्यातगुणत्वात् । उत्कृष्टपदे तु एकस्मिन्नभ्रप्रदेशे जीवप्रदेशास्तेनः सर्वजीवराशेरपेक्षया विशेषाधिका इति॥२॥

ટીકાર્થ—એક આકાશ પ્રદેશને વિષે જઘન્યપદે સર્વ જીવની અપેક્ષાથી જીવ પ્રદેશો થોડા છે. કારણ કે અસંખ્યાતમા ભાગ

१ चैतन्य ॥

કરનાર નિગોદોની સ્પર્શના ત્રણ દિશિની હોય છે. બીજી દિ સ્પર્શના અલોકથી આચ્છાદિત થઇ ગયેલ છે. આ ત્રણ દિશિની સ ર્શના ખંડ ગોલામાંજ જાણવી. વળી જે ગોળામાં છ દિશિમાં સ નવા ગોળાને ઉત્પન્ન કરનાર નિગોદ રાશિની સ્પર્શના છે તે ઉત્કૃ પદ કહેવાય છે. આ ઉત્કૃષ્ટપદ પૂર્ણ ગોળામાંજ હોય છે, પણ ખં ગોળામાં હોતું નથી. સંપૂર્ણ ગોળો તો લોક મધ્યેજ થાય છે, પં લોકને છેડે ન થાય. (૩)

अथ परवचनमाशङ्कमान आह—

उक्कोसमसंखगुणं, जहन्नयाओ पयं हवइ किंतु।
नणु तिदिसिफुसणाओ,छद्दिसिफुसणा भवे दुगुणा॥

અહીં શિષ્ય શંકા કરે છે. (જીવોના પ્રદેશોને અંગે.)

મૂળાર્થ—જઘન્યપદ કરતાં ઉત્કૃષ્ટપદ અસંખ્યાત ગણું શું થાય? ત્રણ દિશિની સ્પર્શના કરતાં છ દિશિની સ્પર્શના બમણી હોવાથી બમણા થાય. (૪)

उत्कृष्टपदमसंख्यातगुणं जघन्यपदैकनभःप्रदेशावगाढजीवप्रदेशराशेरपेक्षया, किन्तु कथं नु भवति ? न भवतीत्यर्थः। कस्मादेवम् ? इत्याह—ननु निश्चितम्, अक्षमायां वा ननुशब्दः, त्रिदिक्स्पर्शनायाः सकाशात् षड्दिक्स्पर्शना भवेद् द्विगुणा, त्रिरस्य द्विकेन गुणने षण्णामेव भावादिति ॥ ४ ॥

ટીકાર્થ—જઘન્યપદે એક આકાશપ્રદેશઉપર રહેલ જીવ પ્રદેશ રાશિની અપેક્ષાએ ઉત્કૃષ્ટપદ અસંખ્યાતગણું કેમ થાય? અ ર્થાત્ ન થાય, કેમ ન થાય? ઉત્તર. નનુ શબ્દ નિશ્ચિત અર્થમાં અ ગર અક્ષમા એટલે નહન ન કરવુ આ અર્થમાં છે, ત્રણ દિશિની

[illegible] 'ननु निश्चितम अक्षमायां' इत्यपि पाठः एवमग्रेऽपि। २ 'गारसंवेदन' इत्य पाठः॥

પ્રદેશાત્મકનાં ઉત્કૃષ્ટિની સ્પર્શના જાણવી થાય. તેને એમ ગુણે તો [illegible] (૪)

इह च यद्यप्यादेशेनोत्कृष्टपदे मार्गणीयत्वम् इत्यतो द्विगुणमेवोत्कृष्टपदे [illegible]स्यासम्पूर्णं च मेदिन्यां, जघन्यपदैकनभःप्रदेशाधिकजीव-[illegible]प्रदेशासंख्यातगुणत्वमेवेष्यते विशेषाधिकजीवप्रदेशापे-[illegible]ति । इदमाह्—

थोवा जहन्नयपए, निगोयमित्तावगाहणा फुसणा ।
फुसणाऽसंखगुणत्ता, उक्कोसपए असंखगुणा ॥५॥

અહિં કારણના પાઠથી હેતુ પણ જણાવે છે. એટલે ઉત્કૃષ્ટપદ જાણવું, પણ વળી તે ઉત્કૃષ્ટપદ અસંખ્યાતગણું ગણ્યું છે, તેજ બતાવે છે. [illegible]ન્યપદે એક આકાશપ્રદેશમાં રહેલ જીવપ્રદેશો કરતાં સમગ્ર જીવો [illegible]સંખ્યાતગુણા છે, અને તેના કરતાં ઉત્કૃષ્ટપદને વિષે જીવપ્રદેશો [illegible]ધિક છે.

અહીં ઉત્તર આપે છે—

ગાથાર્થ—જઘન્યપદની અંદર જીવપ્રદેશો થોડા છે, કારણકે નિગોદ માત્ર અવગાહનાની સ્પર્શના હોવાથી તે પણ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી જાણવી. ઉત્કૃષ્ટપદને વિષે અવગાહના અસંખ્યાત ગણી છે. (૫)

एकस्मिन्नभःप्रदेशे जघन्यकपदे जीवप्रदेशाः स्तोकाः; कुतः? इत्याह—'निगोयमित्तावगाहणा फुसणा' इति निगोदमात्रेऽङ्गुलासंख्येयभागरूपे क्षेत्रेऽवगाहना येषां ते निगोदमात्रक्षेत्रावगाहनाः, यावत्सु येष्वेव आकाशप्रदेशेष्वेको निगोदोऽवगाढस्तावत्सु तेष्वेव याक्रनभःप्रदेशस्पर्शपरिहारेण ये निगोदा अवगाढास्त एकाव-

[1] उत्कृष्टपद

गाहना इत्यर्थः । तैरेव च यत्स्पर्शनमवगाहनं जघन्यपदस्य
गोदमात्रावगाहनस्पर्शनं तस्मात्
स्याऽसंस्पर्शनादित्यर्थः ।
सदृशो हि जघन्यपदाख्यः प्रदेशः
एव निगोदाः स्पृशन्ति, न तु खण्डगोलकनिष्पादका निगोदा[illegible]
रिवृद्धिहानिभ्यां [illegible]
त्वात् । तत्र किल कल्पनया जघन्यपदं जीवशतं स्पृशति ।
र्थं तस्त्वेकोऽपि निगोदोऽनन्तजीवाधिष्ठितो यत्र चैको [illegible]
कावगाहना असंख्येया निगोदा इति । तस्य च [illegible]
जीवशतस्य प्रत्येकं कल्पनयैव प्रदेशलक्षं तत्रावगाढमिति । प्रत्ये[illegible]
स्तु समस्तलोकाकाशप्रदेशराशितुल्यप्रदेश एकैकोऽपि जीवो[illegible]
न्येषाम् प्रदेशानवगाहत इति । एवं च काल्पनिकप्रदेशलक्ष[illegible]
जघन्यपदे कोटी जीवप्रदेशानामवगाढेत्येवं त्वोकास्तत्र जीवप्रदे[illegible]
इति । अथोत्कृष्टपदजीवप्रदेशप्रमाणमुच्यते—'फुसणा असंख[illegible]
णत्ता' इति स्पर्शनाया उत्कृष्टपदे पूर्णगोलकनिष्पादकनिगोदैः स्पर्श[illegible]
नाया यदसंख्यातगुणत्वं जघन्यपदापेक्षया तत्तया तस्मादुत्[illegible]
त्कृष्टपदेऽसंख्यातगुणा जीवप्रदेशा जघन्यपदापेक्षया भवन्ति । उत्[illegible]
कृष्टं हि संपूर्णगोलकनिगोदैकावगाहन[illegible]
मांशेन प्रथमनिगोदावगाहनापेक्षया एकैकप्रदेशश्रेणि[illegible]
न्यत्र प्रत्येकेषाम् स्पृष्टम् । तत्र किल कल्पनया [illegible]
जीवाना स्पृशन्त । तत्र च प्रत्येक जीवप्रदेश[illegible]
दशानां [illegible]
[illegible] इति ॥ ५ ॥

ર છે. આ માટે ? ઉત્તર-નિગોદ માત્ર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના હોવાથી, જેટલા પ્રદેશોને વિષે એક નિગોદ વ્યાપીને રહેલ છે. તેટલાજ તે પ્રદેશોને વિષે બીજી પણ નિગોદ રહેલ છે. આ બધી નિગોદોની એક અવગાહના કહેવાય છે. એક પ્રદેશને આંતરે રહેલી બીજી નિગોદો છોડી દઇને આ એક અવગાહનાવાળી નિગોદ માત્રની સ્પર્શના જઘન્યપદને છે. ખંડ ગોળાને ઉત્પન્ન કરનારી બીજી નિગોદોવડે આ જઘન્યપદ સ્પર્શાયેલ નથી. લોકના નજીકનાં વચલા ભાગનો જે ખુણો તે ખુણાના છેલ્લા પ્રદેશ જઘન્યપદ છે. આ જઘન્યપદને અલોકની સાથે સંબંધ હોવાથી એક અવગાહનાવાળીજ નિગોદો સ્પર્શે છે. પણ ખંડ ગોળાને ઉત્પન્ન કરનાર નિગોદો સ્પર્શતી નથી. એક એક પ્રદેશની વૃદ્ધિ-હાનિવડે રહેલ બીજી તુલ્ય અવગાહનાવાળી નિગોદોની સ્પર્શના જઘન્ય પદમા નથી; જઘન્ય પદ ઉપર કલ્પનાથી સો જીવો સ્પર્શે

પરમાર્થથી તો એક પણ નિગોદ અનંત જીવવાળી છે. વળી જ્યાં એક નિગોદ છે ત્યાંજ તેજ અવગાહનામાં બીજી અસંખ્યાતી નિગોદ છે. આ અસંખ્યાતી નિગોદને કલ્પનાવડે સો જીવવાળી ગણવી. તથા દરેક જીવના કલ્પનાવડે એક એક લાખ પ્રદેશો જઘન્યપદ ઉપર રહેલા છે. પરમાર્થથી તો લોકાકાશના પ્રદેશની રાશિની તુલ્ય પ્રદેશવાળો જીવ પોતાના અસંખ્યાતા પ્રદેશોથી જઘન્યપદ ઉપર રહેલો છે. આ પ્રમાણે કલ્પનીક લાખ પ્રદેશોને સો જીવો જઘન્યપદે રહેલ હોવાથી સોએ ગુણવાથી એક કોડી પ્રદેશો જઘન્યપદે રહેલા છે, આ મુજબ જઘન્યપદે જીવપ્રદેશો થોડા જાણવા હવે ઉત્કૃષ્ટપદ ઉપર રહેલ જીવ પ્રદેશોનું પ્રમાણ ગણાય છે જઘન્યપદની અપેક્ષાએ ઉત્કૃષ્ટપદમાં પૂર્ણ ગોળાને ઉત્પન્ન કરનાર નિગોદોની સ્પર્શના અસંખ્યાતગણી છે. આ કારણથી ઉત્કૃષ્ટપદને વિષે જીવ [illegible] અસંખ્યાતગુણા જઘન્યપદની અપેક્ષાએ થાય ઉત્કૃષ્ટપદને [illegible] સંપૂર્ણ [illegible] ગોળાની નિગોદો એક અવગાહનાવાળી બીજી અસંખ્યાતી નિગોદો

તેમજ ઉત્કૃષ્ટપદને છોડ્યા વિના પ્રથમ નિગોદની અપેક્ષાથી એક પ્રદેશપંક્તિની ઓછાશથી બીજી અસંખ્યાતી નિ-ની સ્પર્શના છે. કલ્પનાથી એક હજાર કોટી જીવો સ્પર્શે છે. એક આકાશપ્રદેશઉપર દરેક જીવના એક લાખ પ્રદેશ હોવાથી એક હજાર કોટીને એક લાખે ગુણવાથી ઉત્કૃષ્ટપદે કોટાકોટી જીવપ્રદેશો અવગાહિત છે. આ મુજબ ઉત્કૃષ્ટપદે પ્રદેશો જઘન્ય પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાત ગુણા છે એવી ભાવના કરવી. (૫)

अथ गोलकप्ररूपणाय आह—

उक्कोसपयममुत्तुं, निगोयओगाहणाइसव्वत्तो ।
निप्फाइज्जइ गोलो, पएसपरिवुड्ढिहाणीहिं ॥६॥

હવે ગોળા સંબંધી પ્રરૂપણા કરે છે.

મૂલાર્થ—ઉત્કૃષ્ટપદને છોડ્યાવિના નિગોદ અવગાહનાવાળા એક પ્રદેશની હાનિ વૃદ્ધિથી બને છે. (૬)

उत्कृष्टपदं लोकमध्यवर्त्तिगोलकस्थितबहुर्जीवप्रदेशस्पर्शन— प्रदेशरूपं विवक्षितप्रदेशममुञ्चद्भिर्निगोदावगाहनायाः एकस्याः सर्वासु दिक्षु निगोदान्तराणि स्थापयद्भिर्निष्पाद्यते गोलः । कथं प्रदेशपरिवृद्धिहानिभ्यां कांश्चित्प्रदेशान् विवक्षितावगाहनाया अव-मद्भिः कांश्चिद्विमुञ्चद्भिरित्यर्थः । अयमभिप्रायः—येषु विवक्षिते-ष्वङ्गुलासंख्येयभागवर्त्तिष्वसंख्यातेष्वाकाशप्रदेशेष्वेको निगोदो ऽवगाहते, तेष्वेवान्येऽसंख्याता निगोदा अवगाहन्ते । तथा विव-क्षितनिगोदावगाहनापेक्षयैवापरे निगोदाः कांश्चित् प्रदेशान् परि-

[illegible] કોઈ [illegible] [illegible] બે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નિર્ગોળ [illegible] [illegible] [illegible] હોવાથી [illegible] [illegible]

[illegible] પાસે અસર [illegible] સિવાય [illegible] ચાર ગોળા છે અને વચમાં એક ગોળો છે આમ [illegible] ચોકાની વચમા [illegible] ચારે કોર પથરાઈ રહેલ નિર્ગોળ આકારો.

[illegible] [illegible] [illegible] છેડે હોવાથી [illegible] [illegible] છે [illegible] દિશા [illegible] [illegible] હોવાથી તે [illegible] સ્પર્શના નથી

, शांचिद प्रदेशानभिव्याप्यापरनभःप्रदेशानपि व्याप्नुवन्ती-
। एवमेवगोलकानिष्पत्तिः ॥ ६ ॥

टीकार्थ—उत्कृष्टपद के जे लोकना मध्यमां रहेल गोळो के जे
मां रहेल घणा जीवोना प्रदेशोथी स्पर्शायेल आकाश प्रदेशरूप
, ते उत्कृष्टपद इच्छित प्रदेशने नहि छोडवावडे एक निगोदनी
गाहना जेटलीज बीजी निगोदो छले दिशीए स्थापवाथी गोळो
पन्न करे छे. केवी रीते ? तो उत्तर आपे छे के आकाशना एक
देशनी वृद्धि हानिथी केटलाक प्रदेशो इच्छित अवगाहनाने छोड-
थी तेमज केटलाएक प्रदेशो इच्छित अवगाहनाने आक्रमण कर
थी गोळो उत्पन्न थाय छे. आनो अभिप्राय एवो छे के जे विव
त अंगुलना असंख्यातमा भाग जेटलु क्षेत्र के जे असंख्याता
काश प्रदेशरूप छे; आ क्षेत्रने विषे एक निगोद रही छे. तेमज
ज क्षेत्रमां बीजी असंख्याती निगोदो रही छे तथा विवक्षित नि-
दनी अवगाहनानी अपेक्षाए बीजी केटली निगोदो आकाशना
टलाक प्रदेशोने छोडीने रही छे, तेमज केटलीएक निगोदो आका-
ना केटलाक प्रदेशोने व्यापीने-पण रही छे. आ मुजब एक गोळो
ने छे.

स्थापना चेयम् । गोलकान्तरकल्पनायाहाह—

चिअ गोलाओ, उक्कोसपयं मुइत्तु जो अन्नो ।
हिं निगोओ तंमिवि अन्नो निप्फज्जई गोलो ॥७॥

स्थापना नीचे छे.

हवे बीजो गोळो बनावे छे.

मूलार्थ—पूर्वे कहेला गोळाना उत्कृष्टपदने छोडी जे

१ स्थापना तु तद्विद सकाशाज्ज्ञेया । ... ... अपि वांचन ।

१०

બીજી નિગોદો રહી છે, તેમાંજ બીજા ઉત્કૃષ્ટપદથી ગોળો બને છે. (૭)

तमेवोक्तलक्षणं गोलकमाश्रित्यान्यो निष्पद्यते गोलः। कथम् ? उत्कृष्टपदं प्राक्तनगोलकसंबन्धि विमुच्य योऽन्यो सर्व निगोदस्तस्मिन्नुत्कृष्टपदकल्पनेनेति। अयमाशयः—प्रागुत्कृष्टपदमा श्रित्य विवक्षितनिगोदावगाहनायां यानि यानि प्रदेशवृद्धिहानि निभ्यां निगोदान्तराणि स्थापितानि तेष्वेकतरमपि निगोदमाश्रित्य निगोदान्तरस्थापनेन गोलकान्तरं निष्पद्यत इति ॥ ७ ॥

ટીકાર્થ—તે પૂર્વે કહેલા ગોળાને આશ્રિને જ બીજો ગોળો બને છે. કેવી રીતે ? તો ઉત્તર આપે છે કે પ્રથમના ગોળા સંબંધી ઉત્કૃષ્ટપદને છોડીને જે બીજી નિગોદો રહી છે તેમાં ઉત્કૃષ્ટપદની કલ્પનાથી બીજો ગોળો બને છે. આનું રહસ્ય આ છે કે પ્રથમના ઉત્કૃષ્ટપદને આશ્રિ વિવક્ષિત નિગોદની અવગાહનામાં એક એક આકાશપ્રદેશની વૃદ્ધિ–હાનિવડે જે જે નિગોદો સ્થાપી છે, તેમાં કોઈ એક પણ નિગોદને આશ્રિ બીજી નિગોદો સ્થાપવા વડે બીજો ગોળો બને છે. અર્થાત્ એક એક આકાશપ્રદેશની વૃદ્ધિ–હાનિવડે જે નિગોદો રહી છે તેમાં પ્રથમના ઉત્કૃષ્ટપદને સ્પર્શ્યા વિના નવીન ઉત્કૃષ્ટપદ સ્થાપવું આને બીજો ગોળો શાસ્ત્રકાર કહે છે, આજ મુજબ બીજા અસંખ્યાતા ગોળાઓ થાય છે. (૭)

तथा च सति यत्स्यात्तदाह—

एवं निगोयमित्ते, खित्ते गोलस्स होइ निप्फत्ती।
एवं निप्फज्जंते, लोगे गोला असंखिज्जा ॥ ८ ॥

હવે ગોળાઓની જે સંખ્યા થાય છે તેજ બતાવે છે.

મૂલાર્થ—આ પ્રમાણે નિગોદ માત્ર ક્ષેત્રમાં ગોળાની

ત્પત્તિ થાય છે અને આજ રીત પ્રમાણે અસંખ્યાતા ગા બને છે. (૮)

एवमुक्तक्रमेण प्रतिनिगोदं निगोदान्तरस्थापनारूपेण निगोक्षेत्रे विवक्षितविविक्तैकैकनिगोदावगाहनास्वरूप आकाशगोलकस्य भवति निष्पत्तिः, विवक्षितनिगोदावगाहनातिरिक्तगोलकान्तरानुप्रवेशात् । एवं च निष्पद्यन्ते लोके असंख्येयाः, सकलस्यापि लोकाकाशस्य निगोदकदम्बकात् । निगोदावगाहनायाश्चाङ्गुलासंख्येयभागरूपत्वात्, प्रच गोलकनिष्पत्तेरिति ॥ ८ ॥

ટીકાર્થ—આ મુજબ પ્રથમ કહેલ ક્રમ પ્રમાણે દરેક નિગોદે જુદી જુદી નિગોદો સ્થાપવાવડે નિગોદ માત્ર ક્ષેત્રમાં ઇચ્છિત જુદી જુદી એક એક નિગોદની અવગાહનાવાળા આકાશપ્રદેશમાં ગોળાની ઉત્પત્તિ બને છે. ઇચ્છિત નિગોદની અવગાહનાથી ભિન્ન નિગોદના પ્રદેશોની અવગાહના જુદા ગોળામાં પ્રવેશ થાય છે, અગર સ્પર્શના થાય છે. આ મુજબ લોકમાં અસંખ્યાતા ગોળાઓ બને છે. કારણ કે સંપૂર્ણ લોકાકાશના પ્રદેશો તે નિગોદના સમૂહે અવગાહ્યો છે, અગર આચ્છાદિત કર્યો છે. નિગોદની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે અને દરેક નિગોદે ગોળાની ઉત્પત્તિ થાય છે. (૮)

अथ किमिदमेव प्रतिगोलकं यदुत्कृष्टपदं तदेव प्राप्यं स्यादन्यत् ? इति अस्यामाशङ्कायामाह—

ववहारनएण इमं, उक्कोसपयावि इत्तिया चेव ।
जं पुण उक्कोसपयं, निच्छइयं होइ तं वुच्छं ॥ ९ ॥

દરેક ગોળાએ રહેલ ઉત્કૃષ્ટપદ [illegible]
નો ઉત્તર આપે છે

મૂલાર્થ—વ્યવહાર નયથી આજ ઉત્કૃષ્ટપદ લેવું ? જ્યારે આજ ઉત્કૃષ્ટપદ લઇએ ત્યારે ઉત્કૃષ્ટપદ અસંખ્યાતા થાય માટે આ ઉત્કૃષ્ટપદ ન ગણવું, નિશ્ચયથી ઉત્કૃષ્ટપદ જેને કહે છે, ને બતાવે છે. (૯)

व्यवहारनयेन सामान्येनेदमनन्तरव्यावर्णितस्वरूपमुत्कृष्टपदं काका चेदमध्येयम् । अनुक्तस्यापि किंशब्दस्य गम्यमानत्वात् । ततश्च किमिदमुत्कृष्टपदं ग्राह्यम् ? अपि तु न ग्राह्यमेवेति तात्पर्यम् । कुतः? 'उक्कोसपयावि इत्तिया चेव' इति न केवलं गोलका असंख्येयाः, उत्कृष्टपदान्यपि भतिपरिपूर्णगोलकस्वरूपेणाभ्युपितानि एतावन्त्येव असंख्येयान्येव भवन्ति । यस्मात्ततो न नियतमुत्कृष्टपदम्, किं च न स्यान्निष्कुटासन्नत्रिदिक्स्पर्शिखण्डगोलकान् विहाय शेषगोलकानां षड्दिक्स्पर्शिनां सर्वेषामपि समानगोलकान्तरैः समानस्पर्शनयुक्तत्वादिति भावः । यत्पुनरुत्कृष्टपदं नैश्चयिकं निश्चयनयसंमतं भवति सर्वोत्कर्षयोगात् यदिह ग्राह्यं तद्दर्शयेऽनन्तरगाथया ॥ ९ ॥

ટીકાર્થ—સામાન્યથી હમણાજ જેનું સ્વરૂપ બતાવ્યું છે તે ઉત્કૃષ્ટપદ લેવું ? અર્થાત્ તે ન લેવું. કેમ ન લેવું ? ઉત્તર જેમ ગોળા અસખ્યાતા છે તેમ ઉત્કૃષ્ટપદો પણ પૂર્ણ ગોળાને આશ્રિને કહેવાથી તે પણ અસંખ્યાતા થાય. તે કારણથી તે ઉત્કૃષ્ટપદ ન ગણવું. લોકના છેડે નિષ્કુટ પાસે ત્રણ દિશિને સ્પર્શી થતા ખંડ ગોળાને છોડી બાકીના ગોળાઓ છ દિશિમાં બધે રહેવાથી સમાન બીજા ગોળાઓની સરખીજ સ્પર્શના હોવાથી તે ઉત્કૃષ્ટ પદ ન થાય. ત્યારે હવે જે નિશ્ચયથી ઉત્કૃષ્ટપદ માન્યુ છે; સર્વથી મોટું તેજ અહિં લેવું, (૯)

तदेवाह—

મજ સૂક્ષ્મ નિગોદો સંબંધી વિગ્રહ ગતિવાલા જીવો આદિ ઇત્યાદિ વિગ્રહગતિ વગરના જીવો, જ્યાં વધારે મળે તેને નિશ્ચયથી ઉત્કૃષ્ટપદ કહેવામાં આવે છે. આનો આ અભિપ્રાય છે કે જે કોઈ ઠેકાણે સૂક્ષ્મ નિગોદના સમુદાયથી બનેલ પૂર્ણ ગોલાઓ તેમાં જો બાદર નિગોદો અવગાહે તેમજ સૂક્ષ્મ નિગોદના જીવો તથા બાદર નિગોદના જીવો પોતાનીજ જાતિમાં અગર બીજી જાતિમાં એટલે સૂક્ષ્મ નિગોદ મરી સૂક્ષ્મ નિગોદમાં જતાં બાદર નિગોદ મરી બાદર નિગોદમાં જતાં તેમજ બીજા પૃથ્વી આદિના જીવો ભવાન્તરમાં જતા વિગ્રહ ગતિથી અગર ઋજુ ગતિથી તેમજ ત્યાંજ રહેલા સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ જીવો તે સ્થાને અવગાહે તો તે નિશ્ચયથી ઉત્કૃષ્ટપદ જાણવું. બાદર નિગોદો નિરાધાર રહે નહિં, પૃથ્વી આદિને વિષેજ રહે છે. સૂક્ષ્મ નિગોદની માફક સર્વત્ર નથી. માટે જ્યાં તે બાદર નિગોદાદિ હોય ત્યાંજ તાત્વિક ઉત્કૃષ્ટપદ જાણવું. (૧૦)

एतदेव दर्शयन्नाह—

इहरा पडुच्च सुहुमे, बहुतुछा पायसो सगलगोला
तो बायराइगहणं, कीरइ उक्कोसयपयंमि ॥११॥

આજ વાત ફેર બતાવે છે.

एते ? इत्याह—सकलगोला लोकमध्यवर्तिनः संपूर्णगोला ननु लोकान्तवर्तिनः खण्डगोलाः, अतो न नियतं किञ्चिदुत्कृष्टपदं लभ्येत यत एवं ततो बादरनिगोदादिग्रहणं क्रियते । अयमाशयः—अङ्गुलासंख्येयभागमात्रदसंख्याताकाशप्रदेशपरिमाणं क्षेत्रमवगाह्यैकः सूक्ष्मनिगोदोऽवतिष्ठते, अन्येऽप्यसंख्याताः सूक्ष्मनिगोदास्तस्मिंस्तावति क्षेत्रे व्यवतिष्ठन्ते । तत्र सूक्ष्मैकनिगोदावगाहापेक्षया षट्स्वपि दिक्षु क्षेत्रप्रदेशपरिवृद्धिहानिभ्यां येऽपरेऽसंख्यातनिगोदात्मका असंख्येयगोलका यावतीं विवक्षितसूक्ष्मनिगोदस्थुवमवगाहन्ते, तत्रैव च यदि बादरनिगोदेभ्यः सूक्ष्मेषु बादरेषु वा निगोदेषूत्पित्सवः, सूक्ष्मनिगोदेभ्यो बादरेषु सूक्ष्मेषु वा निगोदेषूत्पित्सवो विग्रहगत्या ऋजुगत्या वा संचरमाणाः सूक्ष्मपृथिवीकायादयश्च तत्रस्था वा भवान्तरे विग्रहगत्या ऋजुगत्या वा संचरमाणा विवक्षितनिगोदावगाहक्षेत्रमवगाहन्ते, तदुत्कृष्टपदं तात्त्विकमिति भावः ११ ॥

ટીકાર્થ—બાદર નિગોદનો આશ્રય કર્યા વિના સૂક્ષ્મ નિગોદને આશ્રિ નિગોદની સંખ્યાની સમાન, ઘણે ભાગે ગોળાઓ થાય છે. પ્રાયઃ શબ્દનું ગ્રહણ કરવાથી કોઈ નિગોદમાં કદાચ બે ચાર જીવો વધારે ઓછા હોય તોપણ અડચણ નથી. આ કથન લોકમધ્યવર્તિ ગોળાને આશ્રિ જાણવું. ખંડ ગોળાને આશ્રિ ન જાણવું. આ કારણથી નિયમિત ઉત્કૃષ્ટપદ મળી શકશે નહિં માટે બાદર નિગોદાદિનું ગ્રહણ કરવું આનો આશય આ છે. અસંખ્યાતા આકાશના પ્રદેશ પરિમાણ રૂપ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રને અવગાહિને એક સૂક્ષ્મ નિગોદ રહી છે અને તેટલાજ ક્ષેત્રમાં બીજી અસંખ્યાતિ નિગોદો પણ રહી છે તેજ ક્ષેત્રમા સૂક્ષ્મ એક

१ इत्याद् 'विवक्षित— इत्याधिक [illegible]

નિગોદની અવગાહનાની અપેક્ષાએ છ દિશિમાં એક પ્રદેશની વૃ[illegible]
હાનિ વડે જે બીજી અસંખ્યાતિ નિગોદરૂપ અસંખ્યાત ગોલાએ
જેટલી ઇચ્છિત સૂક્ષ્મ નિગોદની પૃથ્વીને અવગાહે છે તેજ ક્ષેત્રમાં
જો બાદર નિગોદ થકી નીકળી સૂક્ષ્મ નિગોદ અગર બાદર નિગોદમાં
ઉત્પન્ન થનાર જીવો તેમજ સૂક્ષ્મ નિગોદ થકી નીકળી બાદર નિગોદ
અગર સૂક્ષ્મ નિગોદમાં ઉત્પન્ન થનાર જીવો તેમજ વિગ્રહગતિવાળા
અગર ઋજુગતિવાળા ચાલતાં તેમજ સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ ત્યાંજ
રહેલા અગર ભવાન્તરને વિષે વિગ્રહગતિથી અગર ઋજુગતિથી
જતાં ઇચ્છિત નિગોદની અવગાહના ક્ષેત્રને જો અવગાહે તો તે
તાત્વિક ઉત્કૃષ્ટપદ કહેવાય આ રહસ્ય જાણવું. (૧૧)

अथ गोलकादीनां प्रमाणमाह—

गोला य असंखिज्जा, हुंति निगोया असंखया गोले।
इक्किक्को य निगोओ, अणंतजीवो मुणेयव्वो ॥ १२ ॥

હવે ગોલાનું પ્રમાણ બતાવે છે.

મૂળાર્થ—ગોલાઓ અસંખ્યાતા છે. નિગોદો પણ
અસંખ્યાતિ છે. એક એક ગોલામાં તેમજ એક એક
નિગોદમાં અનંતા જીવો છે. (૧૨)

गोला असंख्याता भवन्ति । सकलेऽपि लोकाकाशे तेषा-
मवस्थानादेकैकस्मिंश्च गोले निगोदाः साधारणशरीरिणोऽसंख्या-
ता भवन्ति । एकावगाहनानामसंख्यातानां निगोदानामेव गोलक
इति व्यपदेशात् । एकैकस्मिंश्च निगोदेऽनन्ता जीवा ज्ञातव्याः ।
एतच्चानन्तत्वं सिद्धानन्तकादनन्तगुणितं ज्ञातव्यम् । शास्त्रान्तरेषु
' एगस्स निगोयस्स उ अणंतभागो उ सिद्धिगओ ' इति वच-
नात् ॥ १२ ॥

ટીકાર્થ—લોક તથા જીવ આ બન્નેના અસંખ્યાતા પ્રદેશો છે, તેમજ તેઓ તુલ્યપણ છે. ચતુર્દશ રજ્જુ પ્રમાણ સંપૂર્ણ આ લોકાકાશના જેટલા પ્રદેશો છે, તેટલાજ એક જીવના પ્રદેશો છે. ઓછા અગર વધુ નથી. કારણકે કેવલી સમુદ્ઘાત અવસ્થામાં કેવળી પોતાના પ્રદેશોથી સંપૂર્ણ લોકાકાશને પૂર્ણ કરે છે, માટે તુલ્ય છે. તેમજ જીવના પ્રદેશોનો સ્વભાવ સંકોચવાળો હોવાથી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી સૂક્ષ્મ નિગોદની અવગાહના; તેમજ તેમાં રહેલ જીવની, તેમજ ગોલાની અવગાહના જાણવી. (૧૩)

निगोदादिसमवगाहनतामेव समर्थयन्नाह—

मि जिओ तं मेव निगोउ तो तम्मि चेव गोलोऽवि।
प्फज्जइ जं खित्तं, तो ते तुल्लावगाहणया ॥१४॥

હવે નિગોદાદિની સરખી અવગાહના છે તેનુજ સમર્થન કરતા કહે છે.

મૂલાર્થ—જે ક્ષેત્રને વિષે જીવ છે ત્યાંજ નિગોદ છે, ત્યાંજ ગોલો બને છે. આ કારણથી આ ત્રણે સરખી અવગાહનાવાળા છે. (૧૪)

यस्मिन् क्षेत्रेऽङ्गुलासंख्येयभागमात्रेऽसंख्यातप्रदेशात्मके [illegible]
[illegible]

[illegible]

उक्कोसपयपएसे किमेगजीवप्पएसरासिस्स ।
हुज्जेगनिगोयस्स व, गोलस्स व किं समोगाढं ॥ १

હવે જીવાદિની સરખી અવગાહનાના સામર્થ્યથી એક
શપ્રદેશે જેટલા જીવના પ્રદેશોનું પરિમાણ થાય છે, તે કહેવાની
ચ્છાવાલા શાસ્ત્રકાર પ્રસ્તાવનાને માટે પ્રશ્ન કરાવતા કહે છે.

મૂલાર્થ—ઉત્કૃષ્ટપદને વિષે એક જીવના પ્રદેશ રાશી
તેમજ એક નિગોદ તથા એક ગોલાનું શું શું અવગ
હ્યું છે? (૧૫)

उत्कर्षेत एकस्मिन्नभःप्रदेश एकजीवप्रदेशराशेर्निगोदस्य गो
लकस्य च किं किं समवगाढं भवेत् ? अयं प्रश्नार्थः । लोकाकाशप्र
शराशितुल्यनिजप्रदेश आत्मा यदा संकोच्य निजप्रदेशान्निगोदमा
क्षेत्रेऽवगाहते, तदैकैकस्मिन्नभःप्रदेशे कति जीवप्रदेशाः स्युरिति
एवं निगोदगोलकयोरपि प्रश्नार्थो ज्ञेयः ॥ १५ ॥

ટીકાર્થ—ઉત્કૃષ્ટપદે એક આકાશપ્રદેશને વિષે એક જીવ
દેશ રાશી, નિગોદ, તેમજ ગોલાનું શું શુ અવગાહ્યું છે? આ પ્ર
ર્થ છે. લોકાકાશ પ્રદેશરાશી તુલ્ય પ્રદેશવાલો આત્મા જ્યારે સં
ચાઈને પોતાના પ્રદેશોને નિગોદમાત્ર ક્ષેત્રમાં અવગાહે ત્યારે
આકાશપ્રદેશને વિષે કેટલા જીવ પ્રદેશો હોય, એમ નિગોદ તથા
લાને આશ્રિ પ્રશ્નો જાણવા. (૧૫)

तत्र जीवमाश्रित्योत्तरम्—

जीवस्स लोगमित्तस्स सुहुमओगाहणावगाढस्स
इक्किक्कंमि पएसे, हुंति पएसा, असंखिज्जा ॥१

अथनिगोदमाश्रित्याह—

लोगस्सहिए भागे, निगोयओगाहणाइ जं लद्धं
उक्कोसपएऽतिगयं, इत्तियमिक्किक्कजीवाओ ॥१७

हवे निगोदने आश्रि उत्तर आपे छे.

मूलार्थ—निगोदनी अवगाहनावडे लोकाकाशना प्रदेशोने भाग आपवाथी जे प्रदेशो आवे ते प्रदेशो एक एक जीव संबंधी उत्कृष्टपदने विषे जाणवा. (१७)

निगोदावगाहनया लोकस्य भागे हृते यदुत्कर्षेणावगुह्य देशनिगतमवगाढं निगोदसंबद्धादेकैकजीवात् अयमर्थः-असंख्यात देशोऽपि लोकः किल प्रदेशकोटीशतमानः कल्प्यते, एकनिगोदा गाहना च प्रदेशदशसहस्रमाना ततश्च कल्पितलोकप्रदेशराशेः कोटि तनिगोदावगाहनया भागे हृते लब्धा लभ्यते, सा चानन्तजीवात्मक निगोदस्य संबन्धिन एकैकजीवस्य संख्या उत्कर्षतः एकादिप्रदेश नेऽवगाढेति ज्ञातव्यम् । अनेन निगोदस्योत्कृष्टपदे यदवगाढं दर्शितम् ॥ २३ ॥

ટીકાર્થ—જેમ નિગોદમાં રહેલ જીવો કરતાં તેના પ્રદેશે
અસંખ્યાતગુણા ઉત્કૃષ્ટપદને વિષે રહ્યા છે, તેમ પર્યાય અપેક્ષાએ
નહિ પણ દ્રવ્ય અપેક્ષાએ એક ગોળામાં રહેલ સમગ્ર જીવોને આશ્રિ
ઉત્કૃષ્ટપદને વિષે અસંખ્યાતા પ્રદેશો રહ્યા છે. અહિં અનંત જીવ
નિગોદ છતાં, કલ્પનાથી એક લાખ જીવ ગણવા. એક ગોળો અસં
ખ્યાત નિગોદવાળો છતાં, કલ્પનાથી એક લાખ નિગોદવાળો ગણવો
ત્યારપછી લાખને લાખે ગુણવાથી એક હજાર કોટી કલ્પનાવડે જીવો
એક ગોળામાં થાય છે, તેમજ જીવના એક એક લાખ પ્રદેશો ઉત્કૃ
ષ્ટપદને વિષે રહેલ છે; આ વાત પહેલાં કહી આવ્યા.છીએ. હવે પ્રથ
ગણેલ એ હજાર કોટી જીવો સાથે એક લાખ જીવના પ્રદેશોને ગુણ
વાથી દશ કોટાકોટી જીવપ્રદેશો એક આકાશપ્રદેશને વિષે કલ્પનાથી
રહે છે.

એક આકાશપ્રદેશને વિષે તાત્વિક રીતે અસંખ્યાતા અનં
અસંખ્યાતા પ્રદેશો એક આકાશપ્રદેશ ઉપર રહે છે. જ્યારે એ
જીવના અસંખ્યાતા પ્રદેશો રહે છે. તેના જીવો એક નિગોદમાં અ
નતા હોવાથી અસંખ્યાતા અનંતા આવે છે, તેમજ એક ગોળામ
નિગોદ અસંખ્યાતે હોવાથી અસંખ્યાતા અનંતા અસંખ્યાતા જીવ
પ્રદેશો એક આકાશપ્રદેશને વિષે તાત્વિક રીતે આવે છે. (૧૮)

गोलकेभ्यः सकाशादेकस्य प्रदेशेऽसंख्येयगुणा अतवदेव
सकलीमूकम् अथ तत्र गुणकारराशेः परिमाणनिर्णयार्थमुच्यते-

तं पुण केवइगुणं, गुणियमसंखिज्जयं भणिज्जा हि।
सव्वाइ दव्वट्ठाए, जावइया सव्वगोलाणि ॥ १९ ॥

मूळार्थ—ગોલાઓ તથા એક આકાશ પ્રદેશ ઉપર રહેલ એક જીવના પ્રદેશો આ બન્ને તુલ્ય શા કારણથી છે ? જીવ, નિગોદ, અને ગોલા આ ત્રણેની અવગાહના તુલ્ય હોવાથી. (૨૦)

'किं कारणं' इति कस्मात्कारणाद्यावन्तः सर्वगोलास्ता वन्त एवोत्कृष्टपदगतैकजीवप्रदेशाः ? इति प्रश्नः । अत्रोत्तरम्- अवगाहनातुल्यत्वात् । केषाम् ? इत्याह—जीवनिगोदगोलानाम- वगाहनातुल्यत्वं चैषामङ्गुलासंख्येयभागमात्रावगाहित्वादिति । य- स्मादेवं 'तो' इति तस्माद्गोलाः सकललोकसंबन्धिन उत्कृष्टपदे ये एकस्य जीवस्य प्रदेशास्ते तथा तैरुत्कृष्टपदैकजीवप्रदेशैस्तुल्य भवन्ति ॥ २० ॥

टीकार्थ—શા કારણથી કહો છો કે જેટલા ગોલા છે તેટલા એક આકાશ પ્રદેશ ઉપર એક જીવના પ્રદેશો છે ? પ્રશ્ન. અહીં ઉત્ત કહે છે કે અવગાહના તુલ્ય હોવાથી. કોની ? કહે છે. જીવ, નિગોદ અને ગોલાની, આ તુલ્યપણું અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહના હોવાથી જાણવું, જે કારણથી આમ છે તો સમગ્ર ગોલાએ તથા એક આકાશ પ્રદેશ ઉપર રહેલ એક જીવના પ્રદેશો આ બન્ને સરખા થાય છે. (૨૦)

एतस्यैव भावनार्थमुच्यते—

गोलेहिँ हिए लोगे, आगच्छइ जं तमेगजीवस्स ।
उक्कोसपयगयपएस, रासितुल्लं हवइ जम्हा ॥ २१ ॥

આજ વાત સ્પષ્ટતાથી બતાવે છે.

मूळार्थ—સમગ્ર ગોલાથી લોકાકાશના પ્રદેશોને ભાગ

વળી આજ વાત બીજી રીતે જણાવે છે.

મૂળાર્થ—અથવા લોકના એક એક પ્રદેશ ઉપર એક એક ગોળાને સ્થાપન કરો, આ પ્રમાણે ગોળાને સ્થાપન કરવાથી ઉત્કૃષ્ટપદને વિષે એક જીવના જેટલા પ્રદેશો રહે છે તેટલા જ પ્રમાણવાળા આકાશ પ્રદેશને વિષે ગોળાઓ થાય છે. (૨૨)

अथवा लोकस्यैव प्रदेशे एकैकस्मिन् स्थापय निधेहि । विवक्षितसमत्वबुभुत्सो गोलमेकैकम् । तत्रैवमुक्तक्रमस्थापने उत्कृष्टपदे ये एकजीवप्रदेशास्ते तथा तेषु तत्परिमाणेष्वाकाशप्रदेशेष्वित्यर्थः, मान्ति गोला इति गम्यम् । यावन्त उत्कृष्टपदे एकजीवप्रदेशास्तावन्तो गोलका अपि भवन्तीत्यर्थः । ते च कल्पनया किल लक्षप्रमाणा समयेऽपीति ॥ २२ ॥

ટીકાર્થ—અથવા લોકના એક એક પ્રદેશને વિષે એક એક ગોળાને સ્થાપન કર. હે ઇચ્છિત સરખાપણાને જાણવાને ઇચ્છનાર શિષ્ય ! આ મુજબ ક્રમથી સ્થાપન કરે છતે ઉત્કૃષ્ટપદને વિષે એક જીવના જેટલા પ્રદેશો રહે છે તેટલા જ પરિમાણવાળા આકાશ પ્રદેશોને ગોળા થાય છે, અર્થાત્ એક આકાશ પ્રદેશ ઉપર એક જીવના જેટલા પ્રદેશો છે તેટલાજ પરિમાણવાળા ગોળાઓ પણ છે. કલ્પનાથી બન્ને એક એક લાખ છે. (૨૨)

अथ सर्वजीवेभ्य उत्कृष्टपदजीवप्रदेशा विशेषाधिका इति विभणिषुस्तेषां सर्वजीवानां च तारतम्यतामाह—

गोलो जीवो य समा, पएसओ जं च सव्वजीवावि
हुंति समोगाहणया, मज्झिमओगाहणं पप्प ॥२३॥

कोटीमापमंख्यस्य मध्यादुत्कर्षतोऽसंख्येयभागस्य कल्प
शतसंख्यस्य विवक्षितसूक्ष्मगोलकावगाहनायामवगाहनात्, ए
स्मिंश्च प्रदेशे प्रत्येकं जीवप्रदेशानन्तसंख्यावगाढत्वात्, तत्र
शतगुणत्वेन कोटीप्रमाणत्वात्, तस्याधोत्कृष्टपदं प्रक्षेपात्,
क्तमुत्कृष्टपदजीवप्रदेशमानं कोट्याधिकं भवति ॥ २५ ॥

ટીકાર્થ—લોકની અંદર કેટલાક ખંડ ગોલાઓ છે,
ગોલાઓ પૂર્ણ ગોલાથી જુદા છે. જીવરાશિ પૂર્વે કલ્પનાથી
કોટાકોટી ગણી છે તે ખંડ ગોલાને અંગે ઓછી થાય છે.

પૂર્ણ ગોળામાંજ પૂર્વોક્ત સંખ્યા મળે છે. આ કારણથી
ટલી સંખ્યા નાખવા વડે ખંડ ગોળાઓ પૂર્ણ થાય તેટલી જીવ
મૂલ જીવ સંખ્યામાની ઓછી કરવી, કારણ કે તે જીવરાશિ
ગોલામાં નથી, આ જીવરાશિ કલ્પનાવડે એક કોટીની છે, આ
રાશિ દશ કોટા કોટી જીવરાશિમાંથી બાદ કરવાથી જીવરાશિ
થાય છે, અને ઉત્કૃષ્ટપદ તો છે તેટલુંજ હોવાથી વિશેષાધિક છે.

ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો તથા જીવરાશિ આ બન્નેને સરખા
પ્રથમ બતાવ્યું, તે તો ખંડગોલાને પૂર્ણગોલા માનીને જાણવું,
બાદર નિગોદો તથા વિગ્રહ ગતિવાળા જીવોના પ્રદેશો ઉત્કૃષ્ટ
વિષે રહેવાથી ઉત્કૃષ્ટપદ સર્વ જીવરાશિથી વિશેષાધિક થાય છે.
ત્પર્ય આ છે કે બાદર નિગોદ તથા વિગ્રહ ગતિવાળા જીવો અન
છે, તો પણ તે જીવો સૂક્ષ્મનિગોદ જીવોના અસંખ્યાતમા ભાગ
ટલા છે, કલ્પનાવડે એક કોટી પ્રમાણ ગણી પ્રથમની જીવરાશિ
કોટી ઓછી કરી છે, તે પ્રમાણે ગણી મૂળ જીવરાશિમાં નાંખવ
ઉત્કૃષ્ટપદ તથા જીવરાશિ આ બન્ને સરખા થાય છે, તોપણ તે
દર જીવરાશિ એક કોટી પ્રમાણવાળી છે, ઉત્કૃષ્ટથી તો સૂક્ષ્મ જીવો
અસંખ્યાતમે ભાગે છે, તેમાંથી કલ્પનાવડે સો જીવો ઇચ્છિત સૂ
નિગોદના ગોળા ઉપર અવગાહેલ છે, તે જીવો આકાશના એક

પ્રદેશ ઉપર પોતાના એક લાખ પ્રદેશોથી વ્યાપેલા છે. આવા સો જીવો સૂક્ષ્મ નિગોદના ગોળા ઉપર અવગાહેલ હોવાથી લાખને સોએ ગુણવાથી એક કોટી પ્રદેશો ઉત્કૃષ્ટપદને વિષે નાંખવાથી પ્રથમ ગણાવેલ ઉત્કૃષ્ટપદ એક કોટી જીવપ્રદેશોથી અધિક થાય છે. જીવરાશિ કરતાં. (૨૫)

यस्मादेवम्--

तह्मा सव्वेहिंतो, जीवेहिंतो फुडं गहेयव्वं ।
उक्कोसपयपएसा, हुंति विसेसाहिया नियमा ॥२६॥

મૂળાર્થ—આ કારણથી સર્વ જીવરાશિ કરતાં ઉત્કૃષ્ટપદને વિષે જીવપ્રદેશો વિશેષાધિક થાય છે. આ વાત પ્રગટ જાણવી. (૨૬)

'तम्हा' इति ॥ २६ ॥

इदमेव प्रकारान्तरेण भाव्यते--

ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો તથા સમગ્ર જીવો આ બન્ને સરખા છે, આજ વાત બીજી રીતે બતાવે છે.

अहवा जेण बहुसमा, सुहुमा लोएऽवगाहणाए य ।
तेणिक्किकं जीवं, बुद्धीए विरहए लोए ॥ २७ ॥

મૂળાર્થ—અથવા જે કારણથી લોકને વિષે સૂક્ષ્મ નિગોદના ગોળાઓ ઘણે ભાગે સરખા છે, અવગાહનાને આશ્રિને, તે કારણથી ગોળા સંબંધી એક એક જીવને બુદ્ધિથી ગ્રહણ કરી કેવલિસમુદ્ઘાતની માફક જીવના

એક એક પ્રદેશને લોકાકાશના એક એક પ્રદેશ ઉપર સ
પન કરવા, કે જેથી ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો તથા સમગ્ર જી
બન્નેની તુલ્યતા માલુમ પડશે. (૨૭)

यतो बहुसमाः प्रायेण जीवसंख्यया । कल्पनयैकैकाव
हनायां जीवकोटीसहस्रस्यावस्थानात्खण्डगोलकैर्व्यभिचारपरि
रार्थं चेह बहुग्रहणम् । सूक्ष्माः सूक्ष्मनिगोदगोलकाः कल्पन
लक्षकल्पाः, लोके चतुर्दशरज्ज्वात्मके । तथावगाहनया च सम
कल्पनया दशसु दशसु प्रदेशसहस्रेष्ववगाढत्वात्तस्मादेकप्रदेशावगा
जीवप्रदेशानां सर्वजीवानां च समतापरिज्ञानार्थमेकैकं जीवं बुद्ध
'विरल्लए' इति केवलिसमुद्‌घातगत्या विस्तारयेत् लोके । अयम
भावार्थः—यावन्तो गोलकस्यैकत्र प्रदेशे जीवप्रदेशा भवन्ति कल्प
नया कोटीकोटीदशकप्रमाणास्तावन्त एव विस्तारितेषु जीवेषु लोक
स्यैकत्र प्रदेशे ते भवन्ति सर्वजीवा अप्येतत्समाना एवेति ॥२७॥

ટીકાર્થ—સૂક્ષ્મ નિગોદના ગોલાઓ જીવની સંખ્યાવ
ઘણુ ભાગે સરખા છે, કલ્પનાવડે એક એક ગોલા સંબંધ
અવગાહનાને વિષે એક હજાર કોટી જીવો રહ્યા છે, ખંડ
ગોળાની સાથે વ્યભિચાર દોષ દૂર કરવાને માટે, બહુ
શબ્દનું ગ્રહણ કર્યું છે. આવા ગોલાઓ કલ્પનાથી ચૌદરાજ
લોકને વિષે એક લાખ છે. અવગાહનાથી પણ બધા ગોલાઓ
એક સરખા છે, કલ્પનાથી દરેક ગોલાઓ આકાશના દશહજાર પ્રદે-
શને વિષે વ્યાપિને રહ્યા છે. હવે આકાશના એક પ્રદેશને વિષે રહેલા
જીવ પ્રદેશો તથા સમગ્ર જીવો આ બન્નેનું સરખાપણું જાણવાને
માટે એક એક જીવને બુદ્ધિવડે કેવલી સમુદ્ઘાત ગતિથી વિસ્તારવા
લોકને વિષે આનું રહસ્ય આ છે. એક ગોલા સંબંધી જેટલા જીવના

१ सूक्ष्मगोलकाः । २ 'जीव बुद्धया' इति कचित् दृश्यते ॥ ३ [illegible]

પ્રદેશો છે. કલ્પનાવડે દશ કોટાકોટી છે. તેટલા જ પ્રદેશો, લોકાકાશના એક પ્રદેશ ઉપર છે. કેવલિસમુદ્ઘાતની માફક જીવ પ્રદેશોનો વિસ્તાર કર્યે છતે, જીવો પણ આટલા જ છે. આથી કરીને પણ ઉત્કૃષ્ટ પદે જીવ પ્રદેશો, તથા સમગ્ર જીવો બન્ને તુલ્ય થાય છે (૨૭)

अत एवाह—

एवंपि समा जीवा, एगपएसगयजियपएसेहिं ।
बायरबाहुल्ला पुण, हुंति पएसा विसेसाहिया ॥२८॥

આજ વાત શાસ્ત્રકાર કહે છે.

મૂલાર્થ—આ પ્રમાણે જીવો તથા એક આકાશ પ્રદેશ ઉપર રહેલ જીવ પ્રદેશો આ બન્ને સરખા છે બાદર નિગોદના જીવપ્રદેશો ઉત્કૃષ્ટ પદમાં નાખવાથી ઉત્કૃષ્ટ પદ વિશેષાધિક થાય છે. (૨૮)

एवमपि न केवलं 'गोलो जीवो य समा' इत्यादिना पूर्वोक्तन्यायेन समा जीवा एकप्रदेशगतैर्जीवप्रदेशैरिति । उत्तरार्द्धस्य तु भावना प्राग्वदवसेयेति ॥ २८ ॥

ટીકાર્થ—આ પ્રમાણે અવગાહનાને આશ્રિ પ્રથમના ન્યાય પ્રમાણે તમામ જીવો તથા ગોલાઓ માત્ર સરખા છે એમ નહીં પણ જીવો તથા એક આકાશ પ્રદેશ ઉપર રહેલ જીવપ્રદેશો આ પણ સરખા છે. ઉત્તરાર્ધનો અર્થ પ્રથમની માફક જાણવો. (૨૮)

अथ पूर्वोक्तराशीनां निदर्शनान्यभिधित्सुः प्रस्तावयन्नाह—

तेसिं पुण रासीणं, निदरिसणमिणं भणामि पच्चक्खं।
सुहगहणगाहणत्थं, ठवणारासिप्पमाणेहिं ॥ २९ ॥

હવે પ્રથમ બતાવેલ જીવરાશિ તથા જીવ પ્રદેશો સંબંધી દ્રષ્ટાંત બતાવવાને ઇચ્છાવાલા મૂલ શાસ્ત્રકાર પ્રસ્તાવના કરે છે.

મૂલાર્થ—પ્રથમ બતાવેલ જીવરાશિ, તથા ઉત્કૃષ્ટપદને વિષે રહેલ જીવ પ્રદેશો, આ બન્નેની ગણતરી જાણવાને દ્રષ્ટાંત હમણાં પ્રત્યક્ષ રીતે કહું છું. સુખેકરી જ્ઞાન થવાને સારૂં, તથા બીજાને જ્ઞાન કરાવવા સારૂં કલ્પનાવડે સ્થાપન કરેલ જીવ તથા પ્રદેશોના રાશિપ્રમાણથી. (૨૯)

'तेसिं' ॥ २९ ॥

गोलाण लक्खमिक्कं, गोले गोले निगोयलक्खं तु ।
इक्किक्के य निगोए, जीवाणं लक्खमिक्किक्कं ॥ ३० ॥

મૂલાર્થ—ગોલા એકલાખ છે. હરેક ગોલાએ એક એક લાખ નિગોદ છે. હરેક નિગોદે જીવો એક એક લાખ છે. (૩૦)

'गोलाण' ॥ ३० ॥

कोटिसयमेगजीवप्पएसमाणं तमेव लोगस्स ।
गोलनिगोयजियाणं, दसउ सहस्सा समोगाहो॥३१॥

મૂલાર્થ—હરેક જીવોના પ્રદેશો સો કોટી પ્રમાણ છે. અને તેટલાજ પ્રદેશો લોકાકાશના પણ છે, ગોલાઓ, નિગોદો, તથા જીવો, આ ત્રણેની અવગાહના સરખી દશ હજાર આકાશ પ્રદેશ વ્યાપિ છે. (૩૧)

'कोटिसयं' ॥ ३१ ॥

[illegible]

कोडी उक्कोसपयम्मि बायरनियप्पएसपक्खेवो ।
सोहणयमित्तियं चिय, कायव्वं खंडगोलाणं ॥३५॥

મૂલાર્થ—ઉત્કૃષ્ટપદને વિષે બાદર જીવોના એક કોટી પ્રદેશો નાંખવા, તેમજ ખંડ ગોલાને આશ્રિ જીવની મૂલ રાશિમાંથી એક કોટી જીવો ઓછા કરવા. આમ કરવાથી ઉત્કૃષ્ટપદ વિશેષાધિક થાય છે. (૩૫)

उत्कृष्टपदे सूक्ष्मजीवप्रदेशराशेरुपरि कोटीप्रमाणो बादरजीवप्रदेशानां प्रक्षेपः कार्यः; शतकल्पनाद्विंशतिसूक्ष्मगोलकाश्रितबादरजीवानां तेषां च प्रत्येकं प्रदेशलक्षस्योत्कृष्टपदेऽवस्थितत्वात्, तन्मीलने च कोटीसद्भावादिति । तथा सर्वजीवराशेर्मध्यात् शोधनकमपनयनं ' इत्तियं चिय ' इति एतावन्मात्रमेव कोटीसंख्यानामेव कर्तव्यं; खण्डगोलानां खण्डगोलकपूर्णताकरणे नियुक्तजीवानां तेषामसद्भावविकल्पनादिति ॥ ३५ ॥

ટીકાર્થ—ઉત્કૃષ્ટપદે લોકાકાશના એક પ્રદેશને વિષે સૂક્ષ્મ નિગોદ જીવોના જે પ્રદેશો પૂર્વે કહેલા કોટાકોટી કહેલા છે તેના ઉપર બાદર નિગોદ જીવોના એક કોટી પ્રદેશો નાખવા. કારણ કે ૨૦ ભિન્ન સૂક્ષ્મ નિગોદના ગોળા ઉપર બાદર સો જીવો અવગાહીને રહેલા હોવાથી તેમજ તે સો જીવોના એક એક લાખ પ્રદેશો ઉત્કૃષ્ટપદ ઉપર છે. આ મેળવવાથી એક કોટી જીવપ્રદેશો થાય છે તેમજ સમગ્ર જીવરાશિમાંથી એક કોટીનું શોધન કરવું એટલે એક કોટી બાદ કરવા ખંડગોળા પૂર્ણ કરવાને. કારણકે ખંડ ગોળામાં તેટલી જીવરાશિ છે નહીં તે અર્થાત્ ખંડગોળામાં બાદર નિગોદ તેમજ વિગ્રહગતિવાળા જીવોને એક કોટી નાખવાથી બધા ગોળા એક સરખા થાય છે. તેજ ઉત્કૃષ્ટપદને વિષે બાદર સો જીવોના એક કોટી જીવપ્રદેશો

[illegible] (૧૨૫૦ [illegible]) [illegible]

एएसि जहा संभवमत्थोवणयं करिज्ज सम्मंणं ।
[illegible] अ आणिज्ज से अणंता असंखा य ॥३६॥

॥ सवचूरिक निगोदषट्त्रिंशिका ॥

ગાથાર્થ—એ પ્રમાણે ઉક્ત [illegible] ઉપનય જેમ [illegible] યથાર્થપણાથી વિચારીએ [illegible] અનંતા છે, તેમજ નિગોદો, ગોળાઓ, અસંખ્યાતા છે.

एतेषामर्थानां यथास्थानं [illegible] एव 'अणंता' इति । निगोदे जीवा [illegible] एवं सर्वजीवा अपि । तथा निगोदादयो ये [illegible] असंख्येयाः ॥३६॥

इति सूक्ष्मबादरनिगोदजीवस्वरूपविचारः ॥

इति श्रीभगवत्येकादशशतके दशमोद्देशके निगोदषट्त्रिंशिकावृत्तिः समाप्ता॥

ટીકાર્થ—અહીં અર્થનો ઉપનય, તેના યોગ્ય સ્થાનકે પૂર્વે બતાવેલ છે જેમ. નિગોદ વિષે જીવો કલ્પનાથી એક લાખ ગણ્યા છે, તોપણ વાસ્તવિક રીતે જીવો અનંતા છે તેમજ સમગ્ર જીવો પણ અનંતા છે તેમજ નિગોદો કલ્પનાથી એક લાખનાજ છે, તોપણ [illegible] સૂક્ષ્મનિગોદ, [illegible] વિચાર પૂર્ણ [illegible]

॥ ઇતિ સવચૂરિકા નિગોદષટ્ત્રિંશિકા સમાપ્તા ॥

इतिश्री विवाहप्रज्ञप्त्याख्यसूत्रस्यैकादशशतकस्य दशमोद्देशकात् स्थविरेण समुद्धृता निगोदषट्त्रिंशिकाया गुर्जरभाषा श्रीमद् पंन्यासजीश्रीकमलविजयजी गणिशिष्य श्रीमद् पंन्यासजीश्रीकेशरविजयजी गणिः तल्लघुभ्रात्रा मुनि देवविजयेन समर्थिता पाटनाख्यनगरे पूर्णगता सं० १९७२ कार्तिकमासे शुक्लपक्षे पंचमी तिथौ शुभं भूयात् ।



નિગોદ છત્રિશિનો સારાંશ.

(ભગવતીજી સૂત્ર શતક ૧૧ ઉદ્દેશો ૧૦).

ગૌતમસ્વામી પ્રશ્ન.

૧ હે ભગવન્! એક નિગોદને વિષે અનંત જીવો રહે છે, તેમજ તે જીવો પરસ્પર સંકુચિત થઇને રહે છે, તો તે જીવોના પ્રદેશો એક આકાશપ્રદેશને વિષે જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી કેટલા રહે છે? તથા સમગ્ર જીવો કેટલા છે?

ઉત્તર.

૨ હે ગૌતમ! જઘન્યપદે જીવ પ્રદેશો સર્વથી થોડા છે. જઘન્યપદ કરતાં સમગ્ર જીવો અસંખ્યાતગુણા છે. સમગ્ર જીવો કરતાં ઉત્કૃષ્ટપદે જીવપ્રદેશો વિશેષાધિક છે.

૩ જઘન્યપદ કોને કહે છે? ઉત્તર—જે આકાશપ્રદેશને ત્રણ દિશિગત નિગોદની સ્પર્શના છે. ત્રણદિશિ અલોકને લઇ આચ્છા-

દિન થઇ છે, આવા આકાશપ્રદેશને જઘન્યપદ કહે છે. આ જઘન્યપદ ત્રિકુટ કે જે લોકાના છેડે છે, ત્યાં મળે છે.

૪ ઉત્કૃષ્ટપદ કોને કહે છે? ઉત્તર–જે આકાશપ્રદેશને છ દિશિગત નિગોદની સ્પર્શના છે, તેમજ જે આકાશપ્રદેશ ઉપર બાદરનિગોદ તથા વિગ્રહ ગતિવાલા જીવો જ્યાં વધારે સ્પર્શે છે તેને ઉત્કૃષ્ટપદ કહે છે.

૫ ગોલાની ઉત્પત્તિ કેમ થાય છે? ઉત્તર–ઉત્કૃષ્ટપદને સ્પર્સ્યા વિના ગોલાની નિષ્પત્તિ થાય છે. ગોલાની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે. આવા ગોલાઓ અસખ્યાતા છે, અને બધા ગોલાઓ એક સરખા છે.

૬ ગોલાઓ અસંખ્યાતા છે, એક ગોલામાં અસખ્યાતી નિગોદ છે, અને એક નિગોદમાં અનત જીવો છે.

૭ લોક તથા જીવ બન્નેના પ્રદેશો તુલ્ય છે, તેમજ જીવ, ગોલો તથા નિગોદ એ ત્રણેની અવગાહના એક સરખી જ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

૮ જે ક્ષેત્રમાં જીવ અવગાહેલ છે, તેજ ક્ષેત્રમા નિગોદ તથા ગોલો પણ અવગાહેલ છે.

પ્રશ્ન.

૯ એક આકાશપ્રદેશમાં જીવ સબંધી, નિગોદ સબંધી તથા ગોલા સબંધી કેટલા પ્રદેશો અવગાહ્યા છે?

જીવ સંબંધી ઉત્તર.

૧૦ એક આકાશપ્રદેશમા જીવ સબંધી અસખ્યાતા પ્રદેશો રહ્યા કે અસખ્યાતાના અસખ્યાત ભેદ હોવાથી અસખ્યાત જાણવા કલ્પનાથી આ વાત સમજાવે કે જીવના અસખ્યાત પ્રદેશો છતા એક અસજ્ઞ કલ્પ્યા આ પ્રદેશોમાથી એક આકાશપ્રદેશને વિષે

એક જીવના એક લાખ પ્રદેશો અવગાહ્યા છે, એક અબજ પ્રદેશને દશહજાર આકાશપ્રદેશ અવગાહી જીવની અવગાહનાથી ભાગ આપવાથી એક લાખ પ્રદેશો આવશે.

નિગોદ આશ્રિ ઉત્તર.

૧૧ એક આકાશપ્રદેશને વિષે એક નિગોદ આશ્રિ જીવપ્રદેશો અસંખ્ય અનંત છે. કલ્પનાવડે ૧) હજાર કોટી છે, એક નિગોદમાં જીવો અનંતા છે, છતાં કલ્પનાથી એક લાખ ગણ્યા, પ્રથમ ગણાવેલ જીવ સંબંધી એક લાખ પ્રદેશ સાથે નિગોદ સંબંધી જીવ એક લાખ ગુણ્યો જેથી એક હજાર કોટી જીવપ્રદેશો એક આકાશપ્રદેશને વિષે નિગોદ સંબંધી આવશે.

ગોળા આશ્રિ ઉત્તર.

૧૨ એક આકાશપ્રદેશમાં ગોળા સંબંધી જીવપ્રદેશો વાસ્તવિક અસંખ્ય અનંતાઅનંત છે. કલ્પનાથી દશ કોટાકોટી છે. નિગોદ સંબંધી એક હજાર કોટી જીવપ્રદેશોને ગોળામાં રહેલ એક લાખ નિગોદથી ગુણાકાર કરવાથી દશ કોટાકોટી ગોળા સંબંધી જીવપ્રદેશો થાય છે.

સમગ્ર જીવોની સંખ્યા બતાવે છે.

૧૩ જીવો વાસ્તવિક અનંતા છે. કલ્પનાથી દશ કોટાકોટી છે. લોકના અસંખ્યાત પ્રદેશો છતાં કલ્પનાથી એક અબજ પ્રદેશવાળા લોકને વિષે દશહજાર પ્રદેશ અવગાહી ગોળાઓ લાખ છે, અને દરેક ગોળામાં નિગોદો લાખ છે. લાખને લાખે ગુણવાથી નિગોદો હજાર કોટી થાય છે. તેમજ દરેક નિગોદે જીવો લાખ કલ્પવાથી ફરી લાખે ગુણવાથી દશ કોટાકોટી જીવો થાય છે.

૧૪ ઉપર બતાવેલ જીવની સંખ્યા પૂર્ણ ગોળાને આશ્રિ જાણવી. પણ કેટલાક ખંડગોળાઓ હોવાથી તેમાં।

લ્પનાવડે એક અબજ ઓછી હોવાથી ઉત્કૃષ્ટપદ જીવો કરતાં વિશેષાધિક છે.

૧૫ ઉપર બતાવેલ જીવસંખ્યામાં બાદર નિગોદ તથા વિગ્રહગતિવાળા જીવો એક અબજ નાંખવાથી પ્રથમ ઘટેલ સંખ્યા પૂર્ણ થાય છે, તો પણ ઉત્કૃષ્ટપદ વિશેષાધિક છે. તેજ બતાવે છે.

ઉત્કૃષ્ટપદ વિશેષાધિક છે.

૧૬ ઉત્કૃષ્ટપદને વિષે ગણવેલ દશ કોટાકોટી જીવપ્રદેશો છે, આ ઉત્કૃષ્ટપદ ઉપર પૃથ્વીકાય, બાદરનિગોદ. તથા વિગ્રહગતિવાળા જીવો ઘણા અવગાહેલ હોવા છતાં સો જીવો કલ્પો, તેના એક કોટી પ્રદેશો ઉત્કૃષ્ટપદ ઉપર અવગાહેલ હોવાથી જીવસંખ્યા કરતાં ઉત્કૃષ્ટપદ વિશેષાધિક થાય છે.

મૂળ ગ્રંથકાર કલ્પનાથી જીવાદિકનું સ્વરૂપ બતાવે છે.

૧૭ ગોળાઓ એક લાખ છે, એક એક ગોળામાં નિગોદો એક એક લાખ છે, તેમજ એક એક નિગોદે જીવો એક એક લાખ રહ્યા છે.

૧૮ એક જીવના પ્રદેશો એક અબજ છે અને તેટલાજ પ્રદેશો લોકના પણ છે.

૧૯ જીવ, નિગોદ, તથા ગોળો આ ત્રણેની અવગાહના એક સરખીજ દશ હજાર આકાશપ્રદેશોની જાણવી.

૨૦ એક એક આકાશપ્રદેશને વિષે જીવના એક એક લાખપ્રદેશો અવગાહ્યા છે.

૨૧ લોકને છેડે રહેલ જઘન્યપદને વિષે સો જીવોના એક કોટીપ્રદેશો અવગાહ્યા છે.

૨૨ ઉત્કૃષ્ટપદને વિષે એકહજાર કોટી જીવોના પ્રદેશો દશ કોટાકોટી અવગાહ્યા છે.

૨૩ આજ ઉત્કૃષ્ટપદને વિષે જ્યારે બાદર નિગોદ તથા વિ
ગ્રહ ગતિવાળા સૌ જીવોના એક કોટીપ્રદેશો અવગાહે છે, ત્યાં
તાત્વિક ઉત્કૃષ્ટપદ કહેવાય છે. અર્થાત્ જ્યાં વધારે જીવના પ્રદેશો મળે
તેજ તાત્વિકપદ જાણવું.

૨૪ જીવો કરતાં ઉત્કૃષ્ટપદ વિશેષાધિક છે. કારણ કે સમગ્ર
જીવો દશ કોટાકોટી છે, તેના કરતા ઉત્કૃષ્ટપદ એકકોટી વધારે હો
વાથી વિશેષાધિક છે.

૨૫ જીવો તથા ગોળાઓ અનન્તા તથા અસંખ્યાતા વાસ્ત
વિક છે. કલ્પનાથી ઉપરનુ માન જાણવુ.

આ મુજબ નિગોદ છત્રિશિનો સારાંશ પૂર્ણ થાય છે.

